|| વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ||

# || અધ્યાત્મ ||


**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**

**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની
**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર
**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.966 466 9052
**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫
**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હૉલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩
અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com
વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'
ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.
આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.
છૂટક નકલ ૮-૦૦। દસ વર્ષ માટે **૨૫૦/–**
વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। દસ વર્ષ માટે **૧૬,૫૦૦/–**
'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.
'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.
આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**
'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા
પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯


## || એક નાનકડી ઝેનકથા ||

એક નવો-નવો શિષ્ય, ગુરુ જોશૂની પાસે આવી બોલ્યો; 'હું હમણાં જ ધર્મસંઘમાં પ્રવેશ્યો છું અને ધ્યાનનું પહેલું સૂત્ર શીખવા માગું છું.' જોશૂએ પૂછ્યું; 'શું તમે સાંજનું ભોજન કરી લીધું ?' શિષ્યે કહ્યું; 'જી. મેં કરી લીધું.' ત્યારે ગુરુએ કહ્યું; 'હવે જઈને પોતાની થાળી ધોઈ લો.'

આ નાનકડી કથા જીવનનો, સાધનાનો સમગ્ર સાર ધરાવે છે, એ સાર એટલો જ છે કે; જો વાસનાઓ પૂરી થઈ હોય, જો ભોજન પૂરું થઈ ગયું હોય તો હવે થાળીને ધોઈ કાઢો. જો મનની દોડ પૂરી થઈ ગઈ હોય તો હવે મનને ધોઈ લો. જો સંસારમાં ચાલવાની આકાંક્ષા ભરાઈ ગઈ હોય તો હવે થાળીને ધોઈ લો.

તમારા મનનો દીવો બળ્યા કરે છે એમાં ઈંધણ કામ આવે છે. જેટલો તમે મનના દીવાને પ્રજ્વલિત કરો છો એટલો જ અંદર ધૂમાડો-ધૂળ જમા થાય છે, આ ધૂળને ખંખેરી નાખવી, લૂછી નાખવી એ જ ધ્યાન છે.

સાંજના ભોજનનો અર્થ છે આખરી વાસનાને પણ ચાખી લીધી, સ્વાદ લઈ લીધો ? તો વાસણ ધોઈ નાખો. અને જો હજી આખરી ભોજન નથી થયું તો હમણાં ધ્યાનની વાત જ ના પૂછો.

**–સંકલન**

॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥ ॥ ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

## ॥ આ અંકની વિશેષતા ॥
## (પ્રભુની ભક્તવત્સલતાના કેટલાક પ્રસંગો)

“અશરણશરણ, અભયપ્રદ, દુઃખભંજક પ્રભુ માત્ર વૃંદાવનમાં જ પ્રગટ થાય છે એવું નથી. તે આપણા હૃદયમાં પણ પ્રગટ થઈ શકે છે. પ્રભુ જ્યારે જુએ છે કે મારા ભક્તનું ચિત્ત મારામાં જ લાગેલું છે, તેનાં મન-પ્રાણ-વચન-કર્મ મને જ સમર્પિત થયેલાં છે ત્યારે ભક્ત પ્રત્યે તેમનામાં અનુકંપા જાગે છે અને તે અંતર્યામી જ્ઞાનનો દીપ પ્રકટાવી, ભક્તના અંતરનો અંધકાર દૂર કરે છે.”

**—શ્રી યોગેશ્વરજી**



# અનુક્રમ


| | | |
|---|---|---|
| નિવેદન | | ૫ |
| ૧. શ્રીયોગેશ્વરકથામૃત | શ્રી ‘મા’ સર્વેશ્વરી | ૬ |
| ૨. ‘તત્ ત્વમ્ અસિ’નો મર્મ | સંકલન | ૧૦ |
| ૩. હે મા ! તારા ચરણકમળમાં | શ્રી નીતિ ભટ્ટ | ૧૩ |
| ૪. પૂ.શ્રી‘મા’ની આંતરછબીની એક ઝલક | શ્રી તરલા દેસાઈ | ૧૪ |
| ૫. ‘તમે સંભાળતા જ રહ્યા’ | ડૉ. અર્પિતા જોષી | ૨૦ |
| ૬. ભક્તાચાર્ય નારદજી | સંકલન | ૨૩ |
| ૭. ભક્તરાજ મહારાજ મયૂરધ્વજ | ” | ૨૪ |
| ૮. અષ્ટાવક્ર | ” | ૨૫ |
| ૯. જ્ઞાની ભક્ત ઉદ્ધવજી અને ગોપીઓ | ” | ૨૭ |
| ૧૦. ભક્તસખા અર્જુન | ” | ૨૯ |
| ૧૧. ભક્ત રૈદાસ | ” | ૩૦ |
| ૧૨. ભક્ત સુરદાસ | ” | ૩૧ |
| ૧૩. ભક્ત પીપાજી | ” | ૩૨ |
| ૧૪. ભક્તરાજ નામદેવ | ” | ૩૨ |
| ૧૫. સંત હરિદાસની પત્ની | ” | ૩૩ |
| ૧૬. જડભરત અને શંકરાચાર્ય | શ્રી યોગેશ્વરજી | ૩૪ |
| ૧૭. ગૌતમી અને બુદ્ધ | ” | ૩૬ |
| ૧૮. વિભીષણ અને રામ | ” | ૩૯ |
| ૧૯. કબીર અને રામનામ | ” | ૪૧ |
| ૨૦. હૃદયપલટો | ” | ૪૩ |
| ૨૧. પ્રભુ ધારે તે કરે | ” | ૪૫ |
| ૨૨. ભક્તોની જવાબદારી | ” | ૪૭ |
| ૨૩. ઈસુનો પ્રભુપ્રેમ | ” | ૫૦ |
| ૨૪. મન્સૂર, અબ્બુ-તરાબ | ” | ૫૨ |
| ૨૫. ન્યૂયૉર્ક સિટી મેરેથોન | ડૉ. અર્પિતા જોશી | ૫૪ |
| ૨૬. સાંજનો શણગાર | શ્રી પુણ્યા ઉપાધ્યાય | ૬૪ |


**॥ સંદર્ભગ્રંથોનો ઋણસ્વીકાર ॥**


૧. ‘સંત-અંક’ ગીતાપ્રેસ ગોરખપુર
૨. ‘ધૂપસુગંધ’ સર્વમંગલ ટ્રસ્ટ પ્રકાશન
૩. ‘અધ્યાત્મઉપનિષદ’ રજનીશ ફાઉન્ડેશન
૪. ‘કેવળ પ્રભુપ્રેમ’ ઈમેજ પ્રકાશન

## નિવેદન : 'સત્સંગ' એટલે 'સત્' સાથેનો સંગ

રુમી કહે છે : 'જ્ઞાની ગુરુના સાન્નિધ્યમાં ગાળેલો એક કલાક પ્રાર્થનાના સો વર્ષ કરતાં ચડિયાતો છે.' 'સ્વર્ગારોહણ'માં પરમ પૂજ્ય શ્રી'મા' સર્વેશ્વરીની સંનિધિમાં ગાળેલા કલાક આ સત્યની સંપૂર્ણ પ્રતીતિ કરાવે છે.

'પોતાની અંતરંગ આરાધનાનો આધાર લઈ, પરમાત્માને જાણી લઈ, જે પોતાના સ્વ-રૂપમાં સ્થિતિ કરે તે કૃતાર્થ બને. સાધનાનું લક્ષ્ય જ આ છે.' આ 'પરમ સત્ય' ઓળખી લેનાર પૂજ્યશ્રી'મા' વ્યર્થ વાદવિવાદ, નિરર્થક શાસ્ત્રચર્ચામાં કદી પડતાં નથી. વાણી-વક્તૃત્વ-બૌદ્ધિક પ્રતિભા દ્વારા પરમાત્માના મહિમાનું તેઓશ્રીને પ્રતિપાદન કરવું પડતું નથી.

પૂ.શ્રી'મા'નું સમગ્ર જીવન જ પરમાત્મામય હોવાથી એમની આંખ, મુખમંડળ, અંગેઅંગ, રોમરોમ પ્રભુના મંગલમય મહિમાનું જયગાન ગાય છે. સ્વાનુભવસિદ્ધ શ્રદ્ધા એને શાશ્વત શાંતિથી સંપન્ન કરે છે.

તેઓશ્રીના સંસર્ગમાં આવનાર પર એનો ચિરસ્થાયી, પ્રાણવાન પ્રભાવ પડે છે. એ સર્વાવસ્થામાં સર્વત્ર આત્મનિષ્ઠ હોય છે. નિષ્કામ ભાવે લોકસંગ્રહની ઉદાત્ત ભાવનાથી પ્રેરાઈને પ્રામાણિક પુરુષાર્થ કરે છે, જે પ્રભુપ્રેરિત હોય છે; સત્સંગીઓ વચ્ચે વસે છે પણ સત્સંગીઓનાં હોતાં નથી. એમના દ્વારા અનેકનું શ્રેય સધાય છે. અનેકને પ્રેરણાનો પ્રકાશ ને પથપ્રદર્શન સાંપડે છે જે એમના સમાગમમાં આવે છે તેનામાં રહેલી 'સુપ્ત શક્તિ' એકાએક જાગૃત થઈ જાય છે, એ શક્તિની પ્રેરણાથી કંઈ કેટલીય સત્પ્રવૃત્તિઓને વેગ મળે છે. હર ક્ષણ પ્રભુ સાથે છતાં પ્રભુનિર્મિત સૃષ્ટિ પરત્વે પણ સદૈવ સહજ અનુકંપાશીલ 'મા' એક અને અનન્ય છે.



# ॥ શ્રી યોગેશ્વરકથામૃત ॥

### દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ–દિન ૧૧૦

### તા. ૬-૩-૮૩, રવિવાર, ફાગણ વદ આઠમ સં. ૨૦૩૯

### લુઈસટ્રીકાડથી જોહાનિસબર્ગ

લુઈસટ્રીકાડ દક્ષિણ આફ્રિકાની ઉત્તરે આવેલું છે. અહીંથી થોડેક દૂર ર્હોડેશિયાની સરહદ શરૂ થાય છે. આ શહેર નાનું છે. અહીં ૫૦ થી ૬૦ ગુજરાતી કુટુંબો વસે છે. ગુજરાતીઓનો એક હૉલ છે, જેની સાથે નાનકડું મંદિર પણ છે. આખોયે યજમાન પરિવાર ખૂબ ભાવિક છે.

ગઈ કાલની જેમ આજે સવારે પણ યજમાનપત્ની પૂ.શ્રીને મંદિરમાં પગલાં પાડવાની વિનંતિ કરે છે. પૂ.શ્રી મંદિરમાં તથા બીજા ઓરડામાં પણ દૃષ્ટિપાત કરે છે.

આજે અમે લગભગ સાડા આઠ વાગ્યે અહીંથી વિદાય લઈએ છીએ. યજમાન પરિવારનાં સૌ સભ્યો નીચા નમીને અમને પ્રણામ કરે છે. પૂ.શ્રીએ યજમાનનાં માતાજીને જોયાં, એટલે પૂજ્ય જ્યોતિર્મયી માતાજીનું સ્મરણ થયું. તેથી, તેમની થોડી વાતો કરી. વળી, હિમાલય, દેવપ્રયાગ, મસૂરીની વાતો પણ કરી.

સાડા આઠથી પોણા અગિયાર સુધી એકધારી મુસાફરી થઈ. એટલે માર્ગમાં વૃક્ષ નીચે ગાડી ઊભી રાખી, નીચે શેતરંજી પાથરી અમે અલ્પાહાર માટે બેઠાં. લુઈસટ્રીકાડના યજમાને ફળો, ગુલાબજાંબુ, બરફી, પેંડા, દુધીનો હલવો વગેરે આગ્રહ કરીને માર્ગમાં ભાથારૂપે આપ્યું હતું, તેનો જ ઉપયોગ કર્યો.

આગળ વધતાં બીજું એક શહેર આવ્યું. નામ હતું

વોર્મબાથ. ત્યાં ગરમ પાણીના ઝરા નીકળતા હતા. ત્યાંના સુપર મારકેટમાંથી દૂધનાં પેકેટ ખરીદ્યાં ને દૂધ પીધું.

બરાબર બપોરે અઢી વાગ્યે લગભગ ૫૫૦ કિલોમીટરની મુસાફરી પૂરી કરી જોહાનિસબર્ગ આવી ગયાં.

માર્ગમાં જ્યાં સાઠ કિ.મી.ની ઝડપ રાખવાની સૂચના હતી તે બોર્ડ પાસે અમારી ગાડીની ઝડપ એંશીની હતી. તરત જ રોડના ખૂણામાં ઊભેલા પોલીસે બહાર આવી અમારી ગાડીને થોભાવવા હાથ કર્યો. તરત જ અમારી ગાડીના ચાલક શ્રી શશીકાન્તભાઈએ ગાડી ઊભી રાખી. કોઈ દલીલ ના ચાલે, ભૂલની માફી પણ ના ચાલે. વીસ રેન્ડ (એટલે કે આપણા બસો રૂપિયા)નો દંડ ભરવાનું લખાણ એક કાગળ ઉપર આપ્યું. એવા કાગળને અહીં 'ટિકિટ' કહેવાય છે. એ ટિકિટ ઉપર વાહન-ચાલકનું નામ, સરનામુ ને દંડ ક્યાં ને કેટલો ભરવાનો તેની વિગત હોય છે. જે શહેરમાં આપણે રહેતાં હોઈએ તે શહેર ભલે કોઈ પણ રાજ્યમાં આવ્યું હોય તોપણ ત્યાં એ દંડ ભરી શકાય. ત્રણ મહિનામાં દંડ ન ભરાય તો, તરત જ સીધા જેલ ભેગા કરી દે અને ઉપરથી એક વધારાનો મોટો દંડ થાય. પોલિસતંત્ર ખૂબ સજાગ છે. જેટલી ઝડપ નિયત મર્યાદા કરતાં વધારે તેટલો દંડ પણ વધારે હોય છે.

જોહાનિસબર્ગ આવી જઈને લગભગ બે કલાક સંપૂર્ણ આરામ કર્યો. થાકને લીધે તરત ઊંઘ આવી ગઈ.

પાંચ વાગ્યે વઘારેલી ખીચડી ને શાકનું ભોજન બનાવી લીધું. આજે યાત્રાનો છેલ્લો દિવસ છે. એટલે પૂ.શ્રીની સાથે અહીંના યજમાન શ્રી મગનભાઈને પણ આજે પૂ.શ્રીના હાથે બનેલા ભોજનની તક મળી.



રાત્રે સાડા આઠ વાગ્યે સત્યસાંઈબાબા મંડળ તરફથી એક પ્રવચન ગોઠવાયું હતું. પણ તે પહેલાં બેઠક ખંડમાં બેઠેલાં બીનોની અને પ્રિટોરીઆથી આવેલાં ભાઈબહેનો સાથે પૂ.શ્રી પંદર મિનિટ વાતો કરે છે.

એક બહેન પૂ.શ્રીને જણાવે છે કે, હું પાણી પણ નહી પીવાનું એવી એકાદશી વરસોથી કરતી આવી છું. પણ હવે એ દિવસે ખૂબ જ અશક્તિ અનુભવાય છે.

પૂ.શ્રીએ તે બહેનને તે દિવસે ફળ ને દૂધ લેવાની સલાહ આપી.

'એમાં દોષ ન લાગે?' એવી તે બહેનની દલીલ સાંભળીને પૂ.શ્રીએ કહ્યું: હું પ્રભુને ચિઠ્ઠી લખી આપીશ કે 'આ રીતની અગિયારશ મંજૂર રાખજો.' લાવો કાગળ.

અને કાગળ ને પેન પૂ.શ્રીને આપવામાં આવ્યાં. પરમશક્તિની ઈચ્છાએ પૂ.શ્રીની પેને લખ્યું: 'આ બહેનની અગિયારશ મંજૂર રાખજો.' અને વળી, જવાબમાં મંજૂરીનું વાક્ય પણ લખાયું.

પૂ.શ્રીએ કહ્યું: જુઓ. અમે પ્રભુને લખીએ એટલે પ્રભુ મંજૂર કરે જ ને!

અમારે તો ચિઠ્ઠીની પણ જરૂર ન પડે, છતાં આ મેં પ્રથમવાર જ ચિઠ્ઠી લખી.

તે બહેન ભાવથી કહેવા લાગ્યાં : 'એટલે હું તો 'મા' સર્વેશ્વરી કરતાં પણ ચઢી ગઈ ને !'

એ સાંભળીને પૂ.શ્રી કહેવા લાગ્યા: મા સર્વેશ્વરીને તો વરસોથી લખી આપેલું છે અને મા સર્વેશ્વરીની સરખામણીમાં

તો કોણ આવે? એ તો સાક્ષાત્ જગદંબા છે. તે આ સ્વરૂપે કોઈને ન ઓળખાય. એમનાં ત્યાગ, સેવા, પ્રેમભાવ, સમર્પણભાવની સામે કોણ ઊભું રહી શકે? તમે બધાં તો એમની સામે બાળકો છો.

તે બહેને કહ્યું, કે ખરી વાત છે. પછી થોડી બીજી વાતો થઇ.

પ્રવચન-સ્થળે સમયસર પહોંચ્યાં. બહાર અમારી ગાડી ઊભી રહી એટલે અંદર બેઠેલા શ્રોતાવર્ગને ઘંટારવથી અમારા આગમનની જાણ કરવામાં આવી. તેથી ત્યાં ભજનકીર્તન ચાલુ હતું તે અમારા પ્રવેશથી બંધ થયું. સૌ ઊભાં થઈ ગયાં. અમે મધ્યભાગમાંથી પસાર થયાં ત્યાં દીવડા ને પાંદડા આકારનાં પુષ્પોથી નાનકડો માર્ગ બનાવ્યો હતો. તે સુશોભિત સ્થાનની મધ્યમાંથી અમારે પસાર થવાનું હતું. અમે બેઠક ઉપર બેઠાં. પછી શ્રોતાઓ નીચે બેઠાં.

શ્રી જ્યોતિર્ધરે પૂ.શ્રીનું સ્વાગત કરતા બે શબ્દો કહ્યા. અમને સુંદર પુષ્પોના મોટા હાર અર્પણ કર્યા.

પૂ.શ્રીએ અંગ્રેજીમાં પ્રવચન આપ્યું. આજનો વિષય હતો ‘ભક્તિ અને ગુરુમાં શ્રદ્ધા’.

પ્રવચન બાદ પૂ.શ્રીએ પ્રણામ કરનારાઓને ચૉકલેટનો પ્રસાદ આપ્યો.

પ્રવચન બાદ ઉતારા ઉપર આવીને આરામ કર્યો.

હરિઃ ૐ

**–શ્રી ‘મા’ સર્વેશ્વરી**



# ॥ ‘તત્ ત્વમ્ અસિ’નો મર્મ ॥

ઈશ્વરને ઘણાં નામોથી પોકારવામાં આવ્યો છે. મનુષ્યે ઈશ્વર સાથે અનેક સંબંધો સ્થાપ્યા છે. ક્યાંક ઈશ્વરને પિતા, ક્યાંક માતા, ક્યાંક પ્રેમી, ક્યાંક મિત્ર, ક્યાંક કંઈક-આવા ઘણાં-ઘણાં સંબંધો મનુષ્યે ‘પરમ સત્ય’ સાથે સ્થાપિત કરવાની કોશિશ કરી છે. આ પૃથ્વી પર એકલાં ઉપનિષદ છે, જેમણે પરમાત્માને ‘તત્’ (તે, That) કહ્યા છે, કોઈ સંબંધ સ્થાપ્યો નથી.

હવે જગતના સર્વ સંબંધો અલગ-અલગ રહીને જ સધાય છે. જ્યારે પરમાત્મા સાથે જે સંબંધ છે તે લીન થઈને, ખોઈને, એક થઈને સ્થપાય છે. આ એક મોટી ગૂંચવણ છે; કેમકે સંબંધ માટે બેનું હોવું જરૂરી છે. તેથી એમ કહી શકાય કે, પરમાત્મા સાથે કોઈ સંબંધ સ્થાપી શકાય નહિ. પરંતુ પરમાત્મા સાથે મિલન ત્યારે થાય છે જ્યારે બે મટી, એક જ રહી જાય !

કબીરજીએ કહ્યું છે કે; ‘ખોજતાં ખોજતાં ખુદ ખોવાઈ ગયો, ત્યારે તું મળ્યો.’ એ જે ખોજવા નીકળેલો તે જ્યાં સુધી તે હતો ત્યાં સુધી ન મળ્યો. અને જ્યારે ખોજતાં ખોજતાં તું તો ન મળ્યો પણ ખોજનાર ખોવાઈ ગયો ત્યારે તને મળવાનું બન્યું.

આનો અર્થ તો એ થયો કે મનુષ્ય પરમાત્માને કદી મળી શકતો નથી. કેમકે, જ્યાં સુધી મનુષ્ય રહે છે, પરમાત્મા નથી હોતા; અને જ્યારે પરમાત્મા હોય છે ત્યારે મનુષ્ય નથી હોતો.

તેથી આ જગતના જેટલા સંબંધો છે, એમાંથી કોઈપણ સંબંધ પરમાત્મા પર લાગુ કરવાની આપણે ભૂલ કરીએ છીએ.

ઉપનિષદોએ ઈશ્વરને ‘પરમાત્મા-પિતા-માતા’ કહ્યા નથી, કોઈ ‘માનવીય સંબંધ’ સ્થાપિત નથી કર્યા.

પરમાત્માને આપણે કયું નામ આપીએ છીએ એ આપણા

પર નિર્ભર છે, પરંતુ એનું હોવું આપણા પર નિર્ભર નથી.

ઉપનિષદ-પરંપરા (વિચાર-ચિંતનની, અનુભવની) છે, જે ઈશ્વર સાથે કોઈપણ પ્રકારનો સંબંધ નિર્ધારિત નથી કરતી. તદ્દન બિનઅંગત શબ્દ 'તત્'નો ઉપયોગ કરે છે. ઈશ્વર એટલે 'તે'. બિલકુલ 'નિર્વ્યક્તિ સંબોધન' ! અર્થાત્ કોઈ નામ ન આપ્યું. કેવળ ઈશારો કર્યો, કેવળ અંગુલિનિર્દેશ !

'તત્'નો કોઈ સંબંધ મનોવિજ્ઞાનથી નથી. એનો સંબંધ તો જે મનથી પાર ગયા છે, એમના અનુભવ સાથે છે.

ઉપનિષદ નથી મૂર્તિપૂજક નથી મૂર્તિભંજક. ઉપનિષદની દૃષ્ટિ રૂપ, આકાર, મૂર્તિની પાર ચાલી ગઈ છે. કહ્યું : 'તત્' ! એની શું મૂર્તિ બની શકે ? આ 'તત્' ઈશારો છે, વિગિન્સટીન ચિંતક સૂચવે છે તેમ;

'There are things which can not be said,
but still they can be showed.'

(એને માટે એક સૂત્ર છે : માયારૂપ ઉપાધિવાળા, જગતનું ઉત્પત્તિસ્થાન, સર્વજ્ઞતા આદિ લક્ષણોવાળા, પરોક્ષપણાથી મિશ્ર સત્ય આદિ સ્વરૂપવાળા જે પરમાત્મા છે; એ જ 'તત્' શબ્દથી પ્રસિદ્ધ છે.)

અને જે જીવમાં એ અનુભવ તથા શબ્દનો આશ્રય મળે છે. એ 'ત્વમ્' શબ્દથી ઓળખાય છે.

'ત્વમ્-તું' આ શબ્દથી સીમાનો સ્વીકાર છે. જે પૂરેપૂરો દેખાય છે, તેનો આકાર છે, શરીર છે.

જ્યાં સુધી હું છું ત્યાં સુધી હું 'તું' ને સર્વ જગ્યાએ જોઈશ. નિરાકારથી નહિ, આકારથી જ મારો સંબંધ થશે.

હવે હું જો માનું કે, હું શરીર છું, મન છું, તો એમનાથી જ નાતો. પણ 'હું ચેતના છું' એમ માનું તો મારો સંબંધ એનાથી થઈ શકશે, જે ચૈતન્ય છે.

જેની સાથે જોડાવું હોય તેની સાથે તેવા જ થઈ ગયા ! જેને



ખોજવા છે, એવા જ બની જવા સિવાય બીજો કોઈ ઉપાય છે જ નહિ.

બે શબ્દ 'તત્' અને 'ત્વમ્'. જીવને આપણે 'ત્વમ્' કહીએ છીએ; જે ચેતના શરીરમાં ઘેરાઈ છે, સીમિત છે. અને તે ચેતનાને 'તત્' કહીએ છીએ; જે બધી સીમાઓની પાર, વિસ્તીર્ણ છે, અસીમ છે.

બુંદને 'ત્વમ્' અને સાગરને 'તત્' અણુને 'ત્વમ્' ને વિરાટને 'તત્' કહીએ છીએ. ઉપનિષદોનો આ 'તત્' પર આટલો આગ્રહ કેમ છે ? એની અપેક્ષા એ નથી કે તમે પરમાત્માની પૂજા-પ્રાર્થનામાં જ લાગેલા રહો. પરમાત્માની ભક્તિ કરવાની જરૂર નથી. એની અપેક્ષા આપથી એ છે કે; 'આપ જ પરમાત્મા થઈ જાઓ.'

આ મહત્ત્વાકાંક્ષા અંતિમ છે, ચરમ છે. જ્યાં સુધી પરમાત્મા જ ન થઈ જાઓ ત્યાં સુધી પરમ સત્ય હાથ આવતું નથી પરમાત્મા થયા વિના નિયતિ પૂરી થતી નથી.

'તત્' થી સંબંધ જોડાઈ પણ શકાતો નથી. આપણે બધા સંબંધ છોડવા જઈ રહ્યા છીએ. અંતમાં પોતાને પણ છોડી દઈશું, જેથી સંબંધિત થવાવાળો જ ન રહે અને સંબંધ પણ ન થઈ શકે. અને છેવટે આપણે એ જ થઈ જઈશું, જેને આપણે 'તત્' કહીને પોકાર્યો છે.

ઉપનિષદની ધારણા છે પ્રત્યેક વ્યક્તિમાં છુપાયેલા 'તત્'ને ઉઘાડવાની, ઉદ્‌ઘાટિત કરવાની !

એનો ઈશારો ઘણો નિર્વૈક્તિક છે અને એથી બહુમૂલ્ય છે. અને જેવા આપણે 'તત્' કહીએ છીએ કે ઝઘડો સમાપ્ત થઈ જાય છે.

**–સંકલન**

**('અધ્યાત્મ-ઉપનિષદ')**

# ॥ હે મા, તારા ચરણકમળમાં ॥

હે મા, તારા ચરણકમળમાં
　　શીશ ઝુકાવી કરું નમન;
શરણે રાખી સ્મરણે વ્યાપી
　　નિજ શિશુનું કરો જતન.
આઠે પ્રહરે, દેશવિદેશે મનડું
　　કરે તુજ નામસ્મરણ;
જીવ ચરાચરમાં તારું દર્શન કરતાં
　　સફળ કરો જીવન.
અનેક જન્મોનું ભાથું બાંધી
　　બાળ આવ્યો મા તારે શરણ.
સારાનરસાં અનેક કર્મોનું
　　કૃપાથકી મા કરો દહન.
મનમાં રમી લ્યો, હૃદયે વસી લો
　　વદન કરો મા શુદ્ધિસદન;
સર્વ દુઃખ સંતાપ હરી લો
　　ધરો કૃપાનાં આશીર્વચન.
ના કોઈ સાધન, ના આરાધન
　　ના કોઈ વિશેષ પાઠ ભજન.
નિત્ય કેવલ તારું નામ જપું હું
　　દઈ દો આજ મંગલ દર્શન.
ચાતકનજરે વાટ હું જોઉં
　　ક્યારે પધારો મારે ભવન ?
હવે વિશેષ વિલંબ કરો મા,
　　સમયનું થાયે ત્વરિત વહન.
કૃપા કરીને દર્શન આપો
　　ટાળો સઘળાં ભવબંધન.
હે મા ! તારા ચરણકમળમાં
　　શીશ ઝુકાવી કરું નમન.

—શ્રી નીતિ ભટ્ટ



# ॥ પૂજ્યશ્રી'મા'ની આંતરછબીની એક ઝલક ॥

પૂ.શ્રી'મા'ના અસલ-મૂળભૂત સ્વરૂપ સુધી પહોંચવા ભારે સાધના કરવી પડે. પરંતુ આપણી પહોંચમાં, મર્યાદિત શક્તિમાં પકડી શકાતી 'મા'ની છબી નિહારી સંતોષ માનવો પડે. જો કે, પૂર્ણ છબી નહિ, એની ઝલક પણ જો મળી જાય, તો ય ઘણું ઘણું મળી જાય ! એવા શુભાશયથી 'મા'ની આંતરછબીને વિલોકવા પ્રયત્ન કર્યો છે. પૂ.શ્રી'મા'નું એક નામ 'શુભદૃષ્ટિ' છે. જેના પર તેઓશ્રીની કૃપાનજર પડે, glance of grace, અરે, એક અમથો દૃષ્ટિપાત થાય તો તેનું શુભ જ થાય. એટલું જ નહિ, શ્રી રમણ કહે છે તેમ; એકવાર હરણ વાઘના જડબામાં પકડાય, એનો અહંકારધ્વંસ થયે જ છૂટકો થાય, અને તેને એક-અનન્ય સર્વોપરી ચેતનાનો અનુભવ થાય. તે કદી ત્યજાય નહિ, ત્યજાશે નહિ. એનું છેવટનું કલ્યાણ થઈને જ રહે. અર્થાત્ તે ક્ષુદ્ર અહંકારી જીવ નથી પણ એક સર્વોપરી ચેતના છે, એની પ્રતીતિ ન થાય, (જે 'મા'થી અલગ કે ભિન્ન નથી) ત્યાં સુધી તે ત્યજાશે નહિ.

પૂ.શ્રી'મા'નાં વર્તન-વ્યવહાર-વાણીમાં, પરમાત્માની સઘળી શ્રી કેવી રીતે સતત પ્રતિફલિત થતી રહે છે, તે જો આપણે જોઈ શકીએ તો એમનું આંતરઐશ્વર્ય આપણી સમક્ષ સ્ફુટ-પ્રગટ થઈ રહે.

**ઉપસ્થિતિ એવ અનુગ્રહ**

(પૂ.શ્રી'મા'ની ઉપસ્થિતિ, હાજરી જ અનુગ્રહ છે. તેઓશ્રીનું આપણી વચ્ચે હોવું જ અતિ કલ્યાણકારી છે.)

અર્થાત્ કૃપા કે અનુગ્રહ કરવામાં નથી આવતાં, એ કર્મ નથી. શાશ્વતીનો ઉન્મેષ છે; જે એમની ઉપસ્થિતિમાંથી ઝરે છે. સંવેદનશીલ વ્યક્તિ તે ઝીલી લે છે. પૂ.શ્રી'મા'નાં ગૌરવ-ગરિમા એવાં સંપૂર્ણ ને સહજ સિદ્ધ છે કે એમાં તેઓશ્રીની આજુબાજુ રહેલાં સર્વનાં ગૌરવ-ગરિમા અનાયાસે અકબંધ રહેવા પામે છે. એમાં સર્વસમભાવ જ નહિ, સર્વમમભાવ ઝળકે છે. (પોતાની લીટી લાંબી કરવા, બીજાની લકીર નાની કરતા કહેવાતા સાધુઓની જમાતનાં 'મા' નથી.)

સામા માટે છલોછલ પ્રેમ, એમની પ્રેમભરી નિસબત આપણને હંમેશાં અનુભવવા મળે. એમાં, પૂ.શ્રી'મા'ની ભાષાનું આભિજાત્ય અને શાલીનતા સળંગ વરતાય.

જેમકે,

૧. કોરોના વખતે માસ્ક પહેરવો 'સ્વર્ગારોહણ'માં ફરજિયાત હતો. તો ત્યાં પ્રવેશતાં જ એક સુંદર-સુઘડ છાબમાં માસ્કસ મૂકવામાં આવ્યા હોય, ઉપર લખ્યું હોય. 'આપ જો માસ્ક ભૂલી ગયા હો તો અહીંથી લઈ શકશો.'

૨. 'ફોન-કોલ્સની મનાઈ છે.' એવા કડક વિધાનને બદલે આપના 'ફોન સ્વીકારી શકાશે નહિ.'

૩. અહીં સુરક્ષિત લાવવા બદલ આભાર. (પ્રભુ પ્રત્યેના કૃતજ્ઞભાવની કેવી સાહજિક અભિવ્યક્તિ !)

**ચમત્કાર**

'સત્યપથ'માં શ્રીકૃષ્ણના સ્વરૂપ આગળ થોડી મિનિટો આંખો મીંચીને બેસવાનું થતા મનમાં થયું, 'શ્રીકૃષ્ણનું આ સ્વરૂપ કેટલું સુંદર છે ! અને ઘરે જતી વખતે શ્રી'મા' પૂછે છે : 'એક જણને તમારી સાથે આવવું છે. ગાડીમાં જગ્યા છે ?' ને અત્યંત સુંદર,



શ્વેત, કોરી ચાદરમાં વિંટાળીને એ સ્વરૂપ તેને આપવામાં આવે છે.

'મા' કેવાં અંતર્યામી ! ભક્તના અમસ્તા મનોભાવને પકડી તો લીધો પણ કેટલી સુંદર-ભાવાત્મક રીતે ઉપહાર ધર્યો ! — પ્રેમ અભિવ્યક્ત કરવાની આ કેવી નાજુક તરેહ, સુકુમાર રીત !!

**સર્વ સંતો માટે એકસરખો સમાન આદર**

'સત્યપથ'ની પહેલી મુલાકાતમાં જ કહે; પાછળ જુઓ ! કોઈ બોલાવી રહ્યું છે ને જોયું તો શ્રી રમણનું સ્વરૂપ હતું ! ને 'મા' કહે, અરુણાચલ ગયાં છો ? આ તમને ત્યાં બોલાવે છે. જેમણે કલમ પર આવવા કૃપા કરી, તેમને 'થેન્ક યુ' કહેવા પણ ત્યાં જવું રહ્યું. 'આ માત્ર ઔપચારિક વાત ન હતી, બીજે દિવસે (દસ જણની ટોળકી ભેગી કરી), આમને ટીંગાટોળી કરી લઈ જવાનાં છે.' એવું એલાન કરી દીધું ! ને દસ યાત્રિકોને તૈયાર કરી દઈ, જાતે પ્લેનમાં પોતાની પાસે બેસાડી, 'અરુણાચલની યાત્રા' કરાવી ! એક સંતહૃદયનો અન્ય સંત માટે કેવો ઔદાર્યભાવ ! અને સાથે જ એ ભક્તહૃદયમાં એની મૂળ શ્રદ્ધાને દૃઢ કરવાનો કેવો પ્રેમભર્યો કીમિયો !

એ યાત્રાને 'શ્રીરમણપ્રણામયાત્રા' તરીકે ઓળખાવી, સાથે જ 'આનંદયાત્રા' કહી, ગૌરવ વધાર્યું.

આ વાત એટલા માટે ખાસ કરી કેમકે 'મા' સરોડા જવાનું કહી શક્યા હોત. જો એમને યોગેશ્વરજી-એક વ્યક્તિનો મહિમા કરવો હોત તો ! પણ અહીં 'સંકીર્ણ ગુરુભક્તિ' નથી. ગુરુભગવંતશ્રી યોગેશ્વરજી માટે અનન્ય, અદ્ભુત, એકનિષ્ઠ ભક્તિ હોવા છતાં એક સામાન્ય ભક્તહૃદયની શ્રદ્ધા દૃઢ કરવા, એક વિશ્વવંદનીય ગુરુ માટેનો પોતાનો ઉદાર પ્રેમભાવ કેટલી

સુંદર રીતે સ્ફુટ કરી રહે છે ! 'મા' ! અને સાચે જ, સાચો પ્રેમ કદી સંકુચિત-સંકીર્ણ ન હોય. જ્યાં પણ તત્ત્વ-સત્ત્વ જોયું ત્યાં પ્રણામ કર્યા સિવાય રહી જ ન શકે, એ વિનમ્રતા તો 'મા'ની જ !

ભારતમાં રહો અને ગંગાદર્શન ન કરો તો દેશદ્રોહી જ ગણાઓ.

આટલો ઉપાલંભ આપીને અટકી જાય એ 'મા' શાનાં ? ધરાર હરિદ્વાર લઈ જ ગયાં. પૂરા ચાર દિવસ એ પવિત્ર તીર્થધામનો, પુણ્યસલિલા ગંગાજીનો ચમત્કૃતિભર્યો અનુભવ કરાવ્યો. અને એની જ સાથે, ગંગાજીને કિનારે, સંધ્યા આરતીની પૂ.'મા' રચિત અતિ સુંદર ગંગાસ્તુતિની સાક્ષીએ 'અરુણાચલસ્તુતિ'ના પુસ્તક ગુજરાતી અનુવાદની નાન્દીની ઘોષણા થઈ શકી, એ સર્વ પ્રતાપ પૂ.શ્રી'મા'ની મંગલમય યોજનાનો !

અને ચાર દિવસ પછી બસમાં પાછા ફરવા ઈચ્છતા યાત્રિકને સ્પેશ્યિલ મારુતિ વાનનો યોગ કરાવ્યો. એટલું જ નહિ ગ્રીષ્મની અસહ્ય ગરમીમાં વર્ષાના ઝાપટાંનો શીતળ અનુભવ કરાવ્યો. **જેમની ઉપસ્થિતિની એક આગવી ભાષા છે.** એ 'મા' સૂચવે છે : 'અહીં એક રોશની પ્રગટી છે, તમે તમારો દીપક જલાવવો હોય તો જલાવી દો. વ્યર્થ વાતોમાં ન પડો. જે શૂન્ય થવા રાજી છે તે પૂર્ણતાને પામવા અધિકારી બને છે.'

રાબિયા-એક સૂફી સંત. જ્યારે પણ રસ્તે નીકળતી ત્યારે સંત હસનને આકાશ તરફ હાથ ઉઠાવી, પોકારતા સાંભળતી; 'પ્રભુ દ્વાર ખોલો.' રાબિયા તેમને પ્રાર્થના કરતા અટકાવી બોલી, 'ચૂપ થઈ જાઓ આંખો ખોલી જુઓ દ્વાર તો ખૂલ્લું છે.'



પૂ.શ્રી'મા' પણ 'સ્વર્ગારોહણ'માં પ્રવેશનારને કહી દે છે : 'બહારની ખોજ છોડી દો. તમે જ તમને મળો. જે ભીતર છે એ મળેલો જ છે. તમે સર્વ એનાથી સુગંધિત છો અને પૂછો છો કે સુગંધ ક્યાં છે ? ચૈતન્ય છો છતાં ચેતના વિશે પૂછો છો ?'

ખોજ છોડી, મૌન બેસી જાઓ. શબ્દો-શાસ્ત્રોમાં નહિ, શૂન્યમાં બિરાજો જ્યાં એનો આવિર્ભાવ છે.

અધ્યાત્મનો સૂર્ય પ્રગટેલો જ છે. સવારને ફાનસ લઈ શોધવાની જરૂર નથી.

**સંયત વાણી તેય સ્લેટ પર !**

અપરિહાર્ય-છૂટકો ના હોય તો જ બોલે. હિતકારી જ બોલે. ભીતર ખુદથી જ વાત કરે મૌનમાં ભીતરની રોશની પ્રગટ થાય. એનું ટ્યુનિંગ સતત બ્રહ્મ સાથે, સત્ય સાથે. એમાંથી શબ્દો નીકળે : 'જે કંઈ થઈ રહ્યું છે તે મંગલ !'

જીવન એક અખંડ ધારા છે, અનંત, અનાદિ છે. નિર્ણાયક પરમાત્મા. એની સૃષ્ટિમાં સારું શું ને ખરાબ શું ? જે થાય છે તે તેની ઈચ્છાને અનુરૂપ. શુભ જ શુભ. જેનાથી જન્મ, એનાથી મૃત્યુ. જીવન સારુ તો મૃત્યુ કેમ નહિ ? —બધું બરાબર છે. શાશ્વત સંગીતને આ જાણ છે.

એટલે 'સર્વસ્વીકાર' સર્વસમાવેશકતા. આપણે લહેર છીએ તો સાગરનો સ્વીકાર કરવો જ રહ્યો. એનો જ તો આપણે હિસ્સો છીએ. અલગતા ક્યાં ?

**લીન થઈ જાઓ**

પરમ પ્રેમમયી 'મા' પ્રભુમયતા-સંપૂર્ણ પ્રભુમયતાનો રાજમાર્ગ બતાવી આપણને સૂચવે છે :

તમે જે પણ કરો એમાં લીન થઈ જાઓ.

૧. બોલો તો બોલવાવાળું કોઈ ન બચે.

૨. સાંભળો તો કાન બની જાઓ.

૩. ભોજન કરો, જાગો, સૂવો સર્વ પૂરી સમગ્રતાથી કરો.

જેથી આત્મા અને શરીર વચ્ચે સેતુનું નિર્માણ થાય. ક્ષુદ્રમાં ક્ષુદ્ર ક્રિયામાં પણ લીનતા એવી પરિપૂર્ણ હોય કે આપણું બચવું જ અપૂર્ણ લાગે !

૨૪ કલાક નહિ, ૨૪ મિનિટ પણ લીનતા-જીવવાની નિશ્ચિતતા મળી જાય તો 'હું'ની ગરબડ બંધ થઈ જાય.

**શ્રદ્ધા**

પૂજ્યશ્રી'મા' પાસે સ્વયંમાં શ્રદ્ધા આવી જાય છે. 'હું પણ પરમાત્માને પામી શકીશ.' એવો ભરોસો આવી જાય છે. હતાશાના અંધારામાં પ્રકાશ મળી જાય છે.

**ઉપસંહાર :**

આવા સમર્થ 'મા' જેવા સદ્ગુરુ મળી જાય તો ભીંજાયા વિના પાછા ન ફરીએ. તરબોળ થઈ જઈએ. જાતને ખોવાનું સાહસ કરીએ. ભીતર જે ગુંજ ઊઠે તેની સાથે જોડાઈ જઈએ. ચૂકીએ નહિ. અહંકાર હજારો તરકીબો વિચારશે. પણ અસલી સવાલ સદ્ગુરુ સાથે હોવાનો છે. સદ્ગુરુ સંનિધિ-સત્સંગથી કશું મોટું નથી, ઊંચું નથી, ઊંડું નથી.

કંઈક થશે, થઈ શકશે એવી શ્રદ્ધા સાથે આશાવાન રહીએ. અને સદ્ગુરુને કોટિ કોટિ પ્રણામ કરી વિરમીએ.

**—શ્રી તરલા દેસાઈ**



## ॥ ''તમે સંભાળતા જ રહ્યા'' ॥

**''અમારા જીવનમાં આવ્યા, અમે તો ત્યારથી ફાવ્યા,**
**વધાવ્યા કે નકાર્યા છતાં, તમે સંભાળતા જ રહ્યા.''**

''હું તો મારા ગુરુદેવને સદાય વધાવું છું, હું કદી એમને નકારું ? એવા પણ લોકો હશે ? જેમના માટે પૂજ્ય 'મા'ને આ પંક્તિ લખવી પડી હશે ?''

આ પદ પ્રથમવાર સાંભળ્યું ત્યારે આવી વાત, મારા જેવા કંઈકના મનમાં ચાલી હશે.

પૂજ્ય 'મા' પ્રભુનાં પદોની પંક્તિઓ ને શબ્દો સામાન્ય લાગે, તરત સમજાઈ જાય એવું લાગે, પણ એમનો ગૂઢ અર્થ, કે મર્મ સહજ નથી ઉકલી જતો. વારે વારે શ્રવણ સાથે ચિંતન મનન કરવાથી એ ધીમે ધીમે હૃદયમાં ઉગવા માંડે છે.

પૂજ્ય'મા'ના આ પદની આ પંક્તિ :

**''વધાવ્યા કે નકાર્યા છતાં, તમે સંભાળતા જ રહ્યા''**

અતિ સરળ અને સરસ શબ્દોના પોશાકમાં અતિશય ગૂઢ અને જાગ્રત કરનારી છે.

આપણા મનમાં પ્રવેશતો પ્રત્યેક સુવિચાર, પ્રત્યેક સત્કાર્ય કરવાની ઈચ્છા, કોઈક માટે હૃદયમાં ઊઠતી સહાનુભૂતિ-આ સર્વે આપણા પૂજ્ય'મા' પ્રભુ, આપણા સદ્ગુરુની આપણા જીવનમાં પ્રવેશવાની દસ્તક છે, આપણા જીવનમાં પ્રવેશી એને મહાન બનાવવાના ટકોરા છે.

આપણા મનના બંધ બારણે એક સદ્વિચારની દસ્તક દઈ,

એ આશાભર્યા રાહ જોઈ રહ્યા છે. કે ''આ મારો શિષ્ય છે, મેં પોતે એની માવજત કરી છે, મેં કેટલો સમય, મારી કેટલી શક્તિ એના ઘડતરમાં વાપરી છે, આ બાળક પર મને વિશ્વાસ છે, આ તો આ સદ્‌વિચારનો અમલ કરી મને એના જીવનમાં વધાવી લેશે જ.''

જો એ સદ્‌વિચારનો અમલ આપણે કર્યો, તો આપણે એમને વધાવી લીધા ! એમને એવા પ્રસન્ન કરી દીધા કે એ આપણને ભેટી પડ્યા !

પણ જો આપણી લઘુતાએ એ સુવિચારને, એ સત્કાર્યને ખીલવાનો અવકાશ જ ના દીધો, તો આપણે એમને નકારી દીધા. એમના આશાભર્યા નેત્રોના ખૂણે પાણી ભરાયાં. પણ છતાંય એ આપણ ને ત્યજીને ચાલવા ના માંડ્યા, એ ત્યાં જ ઊભા રહ્યા, આપણને સંભાળતા જ રહ્યા. નવી ક્ષણે નવા સદ્‌વિચારની દસ્તકથી આપણને નવી તક આપવા. એ ત્યાં ઊભા જ રહેશે, આપણા દિલના દરવાજે દસ્તક દીધા જ કરશે. આપણે એમને વધાવીશું તો એમના વિરાટમાં ભળીને અસીમ થઈ જઈશું. સદ્‌ગુરુના સુવિચારમાં ''સર્વ''નું કલ્યાણ સમાઈ જાય છે. એ ઉદાર હોય છે. પણ આપણો વિચાર સંકુચિત ને સ્વાર્થી હોય છે. સદ્‌ગુરુને નકારીશું તો આપણી અલ્પતામાં સીમિત રહી જઈશું.

આ પંક્તિ પળે પળે દિવસના નાના-મોટા પ્રત્યેક નિર્ણયો લેતી વખતે આપણને જગાડનારી સાબિત થાય છે.

● સવારે ઊઠીને પ્રણામ કર્યા ? દરવાજો ઉઘાડી સદ્‌ગુરુદેવને ભેટી પડ્યા. પ્રણામ ના કર્યા ? આળસને વધાવી,



સદ્‌ગુરુ ને નકાર્યા.

● માતા-પિતા સાથે બે ઘડી પ્રેમભરી વાત કરી ?

● ઘરની બહાર નીકળી પેલા અણગમતા પાડોશીને સ્મિત આપ્યું ?

● કોને વધાવ્યા ? કોને નકાર્યા ? સદ્‌ગુરુદેવને કે અહમ્‌ને ?

● કોઈકે મદદ માગી તો બહાનું કાઢી ગયા ?

● આપણું કામ કઢાવવા કોઈને ''ચા-પાણી'' કરાવ્યા ?

● પરીક્ષામાં પેપર લખતાં ચોરી કરી ? કરવા દીધી ?

મેં આ વર્તન વડે મારા સદ્‌ગુરુને વધાવ્યા ? કે નકાર્યા ? એમને જીવનમાં આવવા દીધા ?

હે 'મા' ! આવો મહામંત્ર તમે આપ્યો છે છતાં, અમારી લઘુતા, મનની દરિદ્રતા, મલીનતા વારંવાર તમારી મહાનતા ને ઓળંગી જાય છે, આંબી જાય છે. અમે પળેપળ આપને નકાર્યા છે. હે 'મા', અમને ક્ષમા કરો. હે 'મા' અમારી લઘુતામાંથી આપ જ અમને રિહા કરો, મુક્ત કરો. અમને ઉદાર, મુક્તિ ને વિરાટ કરો.

સદાય સંભાળ્યા છે, સંભાળજો. જીવનમાં પધારજો એટલે અમે ફાવી જઈએ.

પ્રણામ 'મા'. Thank You Maa...For everything. Forever...

'જય જય કૃપાળુ 'મા'.'

**–ડૉ. અર્પિતા જોશી**

## ॥ ભક્તાચાર્ય નારદજી ॥

દેવર્ષિ નારદ ભગવાનના એવા પસંદગી પામેલ પાત્રોમાંના એક છે જે ભગવાનની જેમ જ અવતાર ધારણ કરીને ભગવાનની ભક્તિ અને તેમના માહાત્મ્યનો વિસ્તાર કરતા લોકકલ્યાણ માટે જગતમાં વિચરે છે.

બધા યુગોમાં, બધા લોકોમાં, બધાં શાસ્ત્રોમાં, બધા સમાજોમાં અને બધાં કાર્યોમાં નારદજીનો પ્રવેશ છે. એમને ભગવાનનું 'મન' કહેવામાં આવ્યા છે.

તેઓ ભક્તિના પ્રધાન આચાર્ય છે. તેમનાં ભક્તિસૂત્રોમાં ભક્તિતત્ત્વની બહુ સુંદર વ્યાખ્યા કરાઈ છે. તેમણે દરેક યુગમાં ઘૂમીઘૂમીને ભક્તિનો પ્રચાર કર્યો અને હાલ પણ અપ્રત્યક્ષરૂપે તેઓ ભક્તોની સહાયતા કર્યા કરે છે. સંસાર પર એમના અમિત ઉપકાર છે.

નારદજી પૂર્વજન્મમાં દાસીપુત્ર હતા. ભગવાનના અસીમ અનુગ્રહથી બાળપણમાં જ તેમને સંતસમાગમ પ્રાપ્ત થયો. જે ગામમાં તે રહેતા હતા ત્યાં એકવાર ચાતુર્માસ વીતાવવા ઘણા મહાત્મા એકત્ર થયા. એમની પતરાળીઓમાં વધેલું એંઠું ખાવાનું તેમને મળી જતું, જેના પ્રભાવથી તેમનાં બધાં પાપ નષ્ટ થઈ ગયાં. અને નિરંતર કથાઓનું શ્રવણ કરવાથી તેમનું અંતઃકરણ શુદ્ધ થતાં એમના હૃદયમાં ભક્તિનો સંચાર થઈ ગયો.

જ્યારે તે પાંચ જ વર્ષના હતા ત્યારે એમની માતાનું આકસ્મિક મૃત્યુ થયું. પછી તો તે બધાં પ્રકારનાં સાંસારિક બંધનોથી મુક્ત થઈ જંગલ તરફ નીકળી ગયા. ત્યાં જઈને એક વૃક્ષ નીચે બેસીને ભગવાનના સ્વરૂપનું ધ્યાન કરવા લાગ્યા. ધ્યાન કરતાં કરતાં એમની વૃત્તિઓ એકાગ્ર થઈ ગઈ.



બાળક નારદને એમના ધ્યાનમાં ક્ષણિક દર્શન આપીને પ્રભુ અદશ્ય થઈ ગયા. તેથી નારદ વ્યાકુળ બની ફરી એ જ દર્શન પામવા પ્રયત્ન કરવા માંડ્યા. ત્યારે આકાશવાણી થઈ કે; 'હે બાળક ! આ જનમમાં તું મને જોઈ શકીશ નહિ. જેનું ચિત્ત પૂર્ણતઃ વિશુદ્ધ ન હોય એ વ્યક્તિ મારું દર્શન કરવા અસમર્થ છે. મારી ઝલક તારા પર કૃપા કરીને એટલા માટે દર્શાવી કે, તારું ચિત્ત મારામાં જ લાગેલું રહે.'

ત્યારથી નારદજી ભગવાનને નમસ્કાર કરી પૃથ્વીનું ભ્રમણ કરવા લાગ્યા. તેમણે પ્રતિજ્ઞા લીધી છે કે; 'સંપૂર્ણ પૃથ્વી પર ઘરઘરમાં, તમામ જનપદમાં હું ભક્તિની સ્થાપના કરીશ. એ ભક્તિના પ્રસારમાં જ જીવન વ્યતીત કરી; સ્વયં ધન્ય બની, અન્યોને ધન્ય કરીશ.'

તેથી બ્રહ્માજીના આ માનસપુત્ર પોતાની વીણાની ઝંકૃતિ સાથે 'નારાયણ, નારાયણ' કરતા સદા પરિભ્રમણમાં રહે છે.

ત્રણેય લોકમાં જે કોઈ મળે પછી એ ગમે તેવો પાપી કેમ ન હોય પણ નારદજી એને પરમાત્માના ધામનો યાત્રી બનાવી દે છે. સ્વયં હર ક્ષણે 'નારાયણ નારાયણ નારાયણ' નામનો જાપ કરતા રહે છે. આ મંત્ર જ મોક્ષનો માર્ગ !

**—શ્રી ચંદ્રમૌલિ વિદ્યાલંકાર**

**(ભારતનાં મહાન ભક્તિરત્નો)**

✻

## ॥ ભક્તરાજ મહારાજ મયૂરધ્વજ ॥

શ્રીકૃષ્ણ અર્જુન સાથે બ્રાહ્મણસ્વરૂપે રાજા મયૂરધ્વજ પાસે ગયા, કહ્યું : 'સિંહે વનવાટે મારા પુત્રને પકડી લીધો. મેં પોતાનો દેહ ધર્યો તો પણ ન માન્યો ને કહ્યું; જો તું મને મહારાજ

મયૂરધ્વજનું અર્ધું અંગ લાવી આપે, રાજા પ્રસન્નતાથી પોતાનાં પત્ની-પુત્ર પાસે પોતાના દેહ પર કરવત મૂકાવે તો તારા પુત્રને છોડું.'

આ સાંભળી રાજાએ ધ્યાન ધર્યું ને ધ્યાનમાં તેમણે શ્રીકૃષ્ણ અને પાર્થને જોયા. તરત નેત્રો ખોલી કહ્યું; 'આપ જેમ ઇચ્છો છો એમ થશે.'

રાજાના મસ્તકે કરવતના આરા ફરતાં જ રક્ત વહેવા લાગ્યું. રાજાની ડાબી આંખમાં આંસુ આવેલાં જોઈ ભૂદેવે કહ્યું; 'દુ:ખ અને આંસુ સાથેનું દાન હું સ્વીકારતો નથી.' ત્યારે રાજા બોલ્યા; 'મારું જમણું અંગ દ્વિજને દાનમાં મળે અને ડાબું અંગ ઉપયોગમાં ન આવે એથી ડાબી આંખ પોતાને ધિક્કારી રડવા લાગી. મને ક્ષમા કરો.'

પોતાના સર્વોચ્ચ ભક્તનો સર્વોચ્ચ ભાવ જોઈ ભગવાન ચતુર્ભુજરૂપે પ્રગટ થયા. પોતાનો વરદ હસ્ત રાજાના મસ્તકે મૂક્યો ને રાજા નવયુવાન સ્વરૂપે ઊભો થયો. ભગવાનનાં શ્રીચરણે ઢળી પડ્યો.

ભગવાને અર્જુનને કહ્યું; 'અર્જુન હું તો મારા ભક્તોનો સેવક છું. ભક્તની રક્ષા કરવા માટે જ હું જન્મ ધારણ કરું છું. આ મયૂરધ્વજ જેવા ભક્તરાજ દ્વારા જ હું બ્રહ્માંડને ધારણ કરવા સમર્થ બન્યો છું.'

**—સંકલન**

✻

## ॥ અષ્ટાવક્ર ॥

પુરાણોમાં એક કથા આવે છે કે જ્યારે અષ્ટાવક્ર ગર્ભમાં હતા ત્યારે જ તેમને બધા વેદાંતોનું જ્ઞાન હતું. તેમના પિતાએ



કોઈ અશુદ્ધ પાઠ કરતાં તેમણે ગર્ભમાંથી કહ્યું; 'અશુદ્ધ પાઠ કેમ કરો છો ?' પિતાને આ વાત ન ગમી. તેમણે શાપ આપ્યો કે, 'અત્યારથી તું આટલો વાંકો છો તો જા, તું આઠ જગ્યાએ વાંકો થા. પિતાનું વચન સત્ય કર્યું અને તે આઠ સ્થાનેથી વાંકા જ પેદા થયા. તેથી તેમનું નામ 'અષ્ટાવક્ર' પડ્યું. તેમણે ફરી વિધિવત્ સર્વ વેદ-વેદાન્તનું અધ્યયન કર્યું.'

એ દિવસોમાં મહારાજ જનકને ત્યાં એક પુરોહિત રહેતો હતો. તેણે એ નિયમ કરેલો કે જે શાસ્ત્રાર્થમાં મારાથી હારી જશે એને હું પાણીમાં ડૂબાડી દઈશ. મોટા મોટા પંડિતો જતા અને હારી જતા. અષ્ટાવક્રના પિતા-મામા પણ હારી જતાં, તેમને પાણીમાં ડૂબાડી દેવાયા.

અષ્ટાવક્રે થોડા મોટા થઈ ઇચ્છા પ્રકટ કરી કે હું પણ એ પંડિત પાસે શાસ્ત્રાર્થ કરવા જઈશ. તેમની માતાએ બહુ સમજાવ્યા પણ તે માન્યા નહિ ને સીધા મહારાજની રાજસભામાં પહોંચ્યા. તેમને આઠ સ્થાને વાંકા શરીરને જોઈ સભાસદો હસી પડ્યા અને જ્યારે એમણે જાણ્યું કે એ શાસ્ત્રાર્થ કરવા આવ્યા છે ત્યારે તો વધારે જોરથી હસવા માંડ્યા.

અષ્ટાવક્રે કહ્યું : 'અમે તો સમજતા હતા કે વિદેહરાજની સભામાં કોઈ પંડિત પણ હશે. પણ અહીં તો બધા ચમાર જ નિકળ્યા.' આ સાંભળી બધા એમના મુખ તરફ જોવા લાગ્યા. રાજાએ પૂછ્યું; 'બ્રહ્મન ! અહીં તો મોટા મોટા વિદ્વાન, બ્રહ્મનિષ્ઠ પંડિતો છે. આ બધાને આપે ચમાર કેમ કહ્યા ?' અષ્ટાવક્રજીએ કહ્યું; 'જુઓ, આત્મા નિત્ય છે. શુદ્ધ છે, નિર્લેપ ને નિર્વિકાર છે. તેનામાં કોઈ વિકાર, દોષ નથી. એ આત્મા મારામાં છે. જેને એની જાણકારી છે એ જ બ્રહ્મજ્ઞાની, પંડિત છે. એને ન ઓળખીને જે ચામડાથી ઢંકાયેલા આ અસ્થિ-માંસના શરીરને જ જોઈને હસે છે; તેને એ આત્માનો બોધ તો છે નહિ,

ચામડાનો બોધ છે. જેને ચર્મનો બોધ છે એ જ ચમાર છે.'

અષ્ટાવક્રની આવી કુશાગ્ર બુદ્ધિયુક્ત વાત સાંભળી મહારાજ તેમજ સભાસદોને બહુ સંતોષ થયો. તેમણે તેમનું અભિવાદન કર્યું. પૂજા કરી. અને આવવાનું પ્રયોજન પૂછ્યું.

તેમણે મહારાજને પંડિતને બોલાવવા કહ્યું. તે પંડિત આવતાં, તેની સાથે શાસ્ત્રાર્થ કરી તેને પરાસ્ત કર્યો.

અષ્ટાવક્રે તેને પકડી કહ્યું : જેવી રીતે તેં બધાને જળમાં ડૂબાડ્યા છે એવી રીતે જ તને હું ડૂબાડીશ. ત્યારે તેણે કહ્યું; 'બ્રહ્મન ! હું આપની વિદ્વતા-પાંડિત્યથી બહુ પ્રસન્ન છું. હું જળમાં ડૂબી જ નહિ શકું. હું વરુણનો દૂત છું. મહારાજ વરુણ એક યજ્ઞ કરી રહ્યા છે. તેમને ત્યાં અહીંથી બધા પંડિતો મેં મોકલ્યા છે. જેમને જળમાં ડૂબાડેલા એ બધા જીવિત છે. જે વરુણજીના યજ્ઞમાં બેઠા છે. આજે યજ્ઞ સમાપ્ત થઈ ગયો. હું એ બધાંને આપની સમક્ષ અહીં લાવું છું.' આમ કહી વરુણલોકમાં જઈ, સમસ્ત પંડિતોને દક્ષિણાસહિત લાવ્યા.

બધાંએ અષ્ટાવક્રને પ્રેમપૂર્વક આલિંગન આપીને કહ્યું; 'આ માટે તો ઋષિઓએ સત્પુત્રની પ્રશંસા કરી છે. સમસ્ત કુલમાં એક પણ ધર્માત્મા સત્પુત્ર થઈ જાય તો સમસ્ત કુળનો ઉદ્ધાર થાય છે.'

**—સંકલન**

✻

## ॥ જ્ઞાની ભક્ત ઉદ્ધવજી અને ગોપીઓ ॥

ઉદ્ધવજી ભગવાન દેવકીનંદનના સખા અને ભક્ત હોવા ઉપરાંત તત્ત્વજ્ઞાન-નીતિશાસ્ત્રના વિશારદ હતા. વ્રજ છોડ્યા પછી શ્રીકૃષ્ણ તેમને વારંવાર વ્રજમાં મોકલતા જેથી પ્રિય ભક્ત ઉદ્ધવજી તથા વ્રજવાસીઓને પરસ્પર લોકોત્તર પ્રેમનું દર્શન થાય.



વ્યાકુળ ગોપીઓને ઉદ્ધવજી કહેતા : 'તમારા ગોપકૃષ્ણ કેવળ તમારા નથી એ તો બધાના છે, જીવમાત્રના છે. એ સર્વવ્યાપીના પ્રેમને તમે હૃદયમાં ધારણ કરી રાખો તો કૃષ્ણ તમારા હૃદયમાં જ છે. તમે માનો છો કે તમને વિલાપ કરતા છોડી કૃષ્ણ મથુરા ચાલ્યા ગયા આ કેવળ તમારો ભ્રમ છે. તમારો અને કૃષ્ણનો વિયોગ અસંભવ છે. તમે ભગવત્‌તા ધારણ કરો તો તમને કૃષ્ણ સર્વત્ર જોવા મળશે.'

આ જ તત્ત્વજ્ઞાની ઉદ્ધવજી ગોપીઓના આવા કૃષ્ણપ્રેમને જોઈ-અનુભવી દ્રવી ઊઠે છે, કહે છે : 'ગોપીઓ ! તમે ધન્ય છો. ધન્ય છે તમારા કૃષ્ણપ્રેમને હું તો તમારા ચરણોની રજ બનવા પણ સમર્થ નથી. આ વ્રજભૂમિને ધન્ય છે. ભગવતી યમુનાના જળને ધન્ય છે કે જ્યાં મયૂરપિચ્છધારી, ઘનશ્યામ પગે ઘૂંઘરું બાંધી થૈથૈકાર નાચ્યા. આ વાયુને ધન્ય છે કે જેમાં હજુ બાળનંદલાલના દેહનો પરિમલ વહે છે. નંદરાજને ધન્ય છે. ભગવતી યશોદાને ધન્ય છે. તમે એક એવું સુખ, એક એવો આનંદ પ્રાપ્ત કર્યો છે જેનો નાશ કદાપિ થનાર નથી. અન્ય તમામ સુખો ક્ષણિક છે. શ્રીકૃષ્ણ સાન્નિધ્યે ગાળેલો સમય જ શાશ્વત છે. જેને વેદો અને શ્રુતિઓ સદૈવ શોધે છે. જે કેવળ યોગીઓ, સિદ્ધો અને ભક્તોને માટે પણ કેવળ ભાવગમ્ય છે. એમને તમે નચાવ્યા, એમને તમે રમાડ્યા, એમની પાસે વેણુવાદન કરાવ્યું. એમને માખણચોર કહ્યા. ધન્ય ધન્ય ગોપીઓ ! તમને હું ધન્યવાદ આપું તેટલા ઓછા છે.'

ગોપીઓ કહે છે : 'અમે જેને જોવા ઝંખીએ છીએ. અમે જેને પામવાનો સતત પ્રયત્ન કરીએ છીએ એ અમારા પ્રિયતમ, અમારા પ્રભુ, અમારા પરમાત્મા અમારા કૃષ્ણ, અમારા શ્યામ દેખાતા કેમ નથી ? આ આંખે જો ઈશ્વર ન દેખાય તો આ

આંખનો પણ અર્થ નથી.

અમારે તો એને અમારી સગી આંખે પામવો છે. એટલે કે શ્રીકૃષ્ણનો સાક્ષાત્કાર કરવો છે. અમારી આંખને પગથી માથા સુધીનો આકાર દેખાય અને એ આકારમાં અમે એકાકાર થઈ જઈએ એ સાક્ષાત્કાર !

હે કૃષ્ણ ! એ અચ્યુત ! અમે પતિ, પુત્ર, બંધુ, સ્વજનો છોડીને તમારી પાસે એમની આજ્ઞા ઓળંગીને આવ્યાં.

અમે તો આવ્યાં તમારી વાંસળીને નાદે નાદે. તમારાં ગીતની ગતિને જાણીને મોહિત થઈ ગયાં. ને કપટી ! અમને અડધી રાતે છોડીને તું ગયો કેવી રીતે ?'

**—સંકલન**

✻

## ॥ ભક્તસખા અર્જુન ॥

શ્રીમદ્ ભાગવતમાં શ્રીકૃષ્ણ કહે છે :

'મને ભક્તજન પ્રિય છે. ભક્તોથી વધારે મને બ્રહ્મા, શંકર, શ્રીબલરામ, શ્રીલક્ષ્મીજી પણ પ્રિય નથી. વધારે તો શું મારો આત્મા પણ મારા ભક્તથી વધુ પ્રિય નથી.'

મહાભારતનું યુદ્ધ પૂરું થાય છે. વિજય મેળવીને અર્જુન રથમાં પાછો ફરે છે. શ્રીકૃષ્ણ અર્જુનના રથના સારથિ હતા. તેઓશ્રી અશ્વોને રોકી, અર્જુનને નીચે ઊતરી જવા કહે છે.

હવે યુદ્ધશાસ્ત્રનો એક નિયમ છે કે રથમાંથી સારથિ પ્રથમ ઊતરે અને પછી જ મહારથી ઊતરે. સત્તર દિવસ આ નિયમનું પાલન થયેલું. પણ અઢારમા દિવસે ન થતાં અર્જુનને આશ્ચર્ય થાય છે. પણ ભગવાનની આજ્ઞાનો અનાદર ભક્ત કેવી રીતે કરે ? તે રથમાંથી ઊતરી જાય છે. એ પછી કૃષ્ણ ઊતરે છે. અને



એ જ ક્ષણે એ રથ અગ્નિની જ્વાળાઓમાં લપેટાઈ જાય છે, બળીને ભસ્મ થઈ જાય છે.

શ્રીકૃષ્ણ રથ પર હોય તો શું થાય ને રથ પર ન હોય તો શું થાય ?

વ્યાસજી અહીં ઘણું બધું સૂચવી જાય છે : આપણા દેહરૂપી રથનું સંચાલન ભગવાન જ કરી રહ્યા છે. એ જો એ આપણને છોડી દે તો આપણા દેહનું શું થાય ?

એ આ પ્રસંગ દ્વારા સૂચિત-અભિપ્રેત છે.

**—સંકલન**

✻

## ॥ ભક્ત રૈદાસ ॥

ભક્તની નિઃસ્પૃહતા અનુભવતાં પ્રભુનો પ્રત્યક્ષ થયે છૂટકો થાય છે. એનું ઉજ્જવળ દૃષ્ટાંત રૈદાસ છે.

રૈદાસના ઝૂંપડામાં એક મહાત્મા અચાનક પધારી કહે છે : 'હું તમારા દારિદ્રયનો નાશ કરવા આવ્યો છું.' તો રૈદાસ બોલ્યા; 'અરે પ્રભુ ! આપને કોણે કહ્યું કે હું દરિદ્ર છું ? હું તો ધનવાનોનો પણ ધનવાન છું.' એના શબ્દોને અવગણતાં, મહાત્માએ તેને પારસમણિ આપવા ચાહ્યો; ત્યારે રૈદાસે હાથ જોડી કહ્યું; 'ના, મહાત્માજી !'

ત્યારે તેમણે પૂછ્યું; 'ત્યારે તારે જોઈએ છે શું ?' રૈદાસે કહ્યું; 'તમારા જેવા સાધુ-સંતોનું દર્શન. મારે તો સેવા કરવી છે. મને તમારી સેવા કરવાનો અવસર આપો. મારા હાથનું ભોજન સ્વીકારો. બસ. એ જ આનંદ. મારો સચ્ચિદાનંદ !'

એ જ ક્ષણે એ મહાત્મા અદૃશ્ય થઈ ગયા. રૈદાસની સામે પ્રકાશ-પ્રકાશ પથરાયો. પ્રકાશનો કહો કે ધોધ વરસ્યો ! આ

પ્રકાશની વચ્ચે રૈદાસે ભુવનમોહન શ્યામનું મુખારવિંદ જોયું ! અને રૈદાસ 'હે નાથ ! હે દેવાધિદેવ ! હે બ્રહ્માંડના સ્વામી આપે મને ચમારને-પતિતને પાવન કર્યો.' કહી ઢળી પડ્યા.

**—સંકલન**

✻

## ॥ ભક્ત સુરદાસ ॥

ધીરજ, અપાર ધીરજ ને લગન તો ભક્ત સુરદાસનાં ! સુરદાસ મંદિરમાં લોકોની ભીડ વચ્ચે શ્રીકૃષ્ણની મૂર્તિ સામે જવા ધક્કા ખાતાં બોલે છે : 'મારે શ્રીકૃષ્ણનાં દર્શન કરવાં છે.'

આ સાંભળી એક વડીલ બોલ્યા : 'અરે ! તું તો આંધળો છે. શા માટે ભીડમાં અટવાય છે !' સુરદાસ જવાબ આપે છે. 'કેવી વાત કરો છો વડીલ ? હું ભલે ને શ્રીકૃષ્ણની પ્રતિમા ન જોઈ શકું. શ્રીકૃષ્ણ તો મને જોઈ શકશે ને ?'

અને પ્રભુ શ્રીકૃષ્ણ આજીવન સુરદાસના ભીતરના સદા ઝળહળ પ્રકાશરૂપ બનીને રહ્યા. અનેક ભાવછલકતાં પદો એમાંથી અનાયાસે પ્રકટ્યાં.

એક રાતે દક્ષિણામાં મળેલી બે સોનામહોરો પોતાના ઓશીકા નીચે મૂકી, સુરદાસ-અંધ સૂરજના પિતા રામદાસ સૂઈ ગયા. સવારે જાગ્યા તો સોનામહોરો ગાયબ ! અંધ સૂરજ બોલ્યો; 'છાપરા પર છે, લઈ લો.' ને છાપરા પરથી તે મળી આવી.

પિતાએ સૂરજને પૂછ્યું 'બોલ તારે શું જોઈએ છે ? તેણે કહ્યું, 'પિતાજી મને આ ઘરમાંથી વિદાય આપો.' ને માતાને રડતી મૂકી સૂરજ(સુરદાસ) ચાલી નીકળ્યા.'

અંધ સુરદાસના અંતઃકરણમાં કૃષ્ણભક્તિનો મહાસાગર જીવનભર ઘૂઘવતો જ રહ્યો.

**—સંકલન**

✻



## ॥ ભક્ત પીપાજી ॥

એક ગામને પાદરે એક ચીંથરેહાલ કઠિયારો વાંસ વેચી રહ્યો હતો. એની દરિદ્રતા જોઈ ભક્ત પીપાજીને દયા આવી. એક વાંસ ઉઠાવ્યો અને કહ્યું; 'આ વાંસ હું લઈ જાઉં છું.'

કઠિયારો ચીધડ કહે; 'દામ ચૂકવ્યા વગર તમે વાંસ કેવી રીતે લઈ જઈ શકો ? હું તમને વિનામૂલ્યે તે આપું તો તમારે માથે મારું ઋણ ચડે ને ઋણમુક્ત થવા માટે તમારે પુનર્જન્મ લેવો પડે. વળી હું પાપમાં પડું.'

પીપાજી ધનથી દરિદ્ર ચીધડના જ્ઞાનનો વૈભવ જોઈ ચકિત થઈ ગયો. તેમણે કહ્યું; 'હું મારા પરિશ્રમથી વાંસ મેળવીશ.' અને તેમણે વાંસની ભારી પર હાથ શું મૂક્યો કે એ વાંસને કૂંપળો ફૂટવા લાગી, ડાળીઓ બની, જોતજોતામાં વાંસનું આખું વન પાંગર્યું. પીપાજીએ વાંસની એક ડાળી કાપી લીધી. ચીધડે કહ્યું; 'હા, તમે લઈ જાઓ એ વાંસની લાઠી હવે તમારી માલિકીની છે.'

'તમે વચનસિદ્ધ યોગી છો એ હું જાણી ગયો છું આપ કદીક મારી ઝૂંપડીએ પધારી મને ઉપકૃત કરશો.'

**—સંકલન**

✻

## ॥ ભક્તરાજ નામદેવ ॥

એકવાર જ્ઞાનદેવ સાથે દીર્ઘ યાત્રાએ નીકળેલા નામદેવને જ્ઞાનદેવ પૂછે છે. 'તમને તરસ નથી લાગી ભક્તરાજ ?' તેમણે કહ્યું; 'તરસ તો લાગી છે પણ કૂવાના પડને ભેદી શકું એવી આપના જેવી સિદ્ધિ મારી પાસે કયાં છે ?' કિન્તુ મારી તરસની વિઠોબાને ખબર છે. વિઠોબા આવશે ને જળ પાશે.'

એમ બોલતાં જ આકાશમાંથી જાણે ઈન્દ્રનું વજ્ર કૂવા પર ત્રાટક્યું ! કૂવાનો પાષાણ ચૂરચૂર થઈ ગયો. એમાંથી જળનો ધોધ વહ્યો. જળ છેક સપાટી સુધી ખળખળ કરતું આવી ગયું ને નામદેવે જળ પીધું.

નામદેવની ભક્તિની શક્તિ તેમજ તેની અભૂતપૂર્વ શ્રદ્ધા જોઈ જ્ઞાનદેવ તેમને ભેટી પડ્યા, બોલ્યા; 'ધન્ય છે ભક્તરાજ ધન્ય છે તમારી ભક્તિને !'

ભક્તની શ્રદ્ધાનો પ્રત્યુત્તર પ્રભુએ તત્કાળ આપવો જ પડે છે.

—સંકલન

*

## ॥ સંત હરિદાસની પત્ની ॥

ભક્તની સર્વસમર્પણની ક્ષણે પ્રભુ આવી, ઊભા રહી જાય છે. એને માટે સંત હરિદાસની પત્નીનો પ્રસંગ છે.

હરિદાસે અંતિમ શ્વાસ લેતી પત્નીને પૂછ્યું; 'તારી કોઈ ઈચ્છા છે, આ પળે ?' તેણે કહ્યું; 'એક જ ઈચ્છા બાંકેબિહારીમાં વિલીન થઈ જવાની, કૃષ્ણમય બની જવાની છે.'

હરિદાસે તેના મસ્તકે હાથ મૂક્યો ને બોલ્યા : 'તારી ઈચ્છાને બાંકેબિહારી અવશ્ય પૂર્ણ કરશે.' ને ત્યાં જ હરિમતીના કાંડાની લાખની ચૂડલીઓ સળગી ઊઠી. હરિમતી ગભરાઈ બોલી ઊઠ્યાં : 'આ શું થયું નાથ ?'

હરિદાસે હસીને કહ્યું; 'શ્રીકૃષ્ણ કોઈની પત્નીને સ્વીકારતા નથી. તારાં સૌભાગ્યકંકણો સળગી જવાથી તું અનાથ બની તેથી તું શ્રીકૃષ્ણને પામી સનાથ બનીશ.'

એ જ ક્ષણે હરિમતીના મુખમાંથી એક પ્રકાશવર્તુળ નીકળ્યું ને તે બાંકેબિહારીની પ્રતિમામાં સમાઈ ગયું.

—સંકલન



## ॥ જડભરત ને શંકરાચાર્ય ॥

જડભરત ને શંકરાચાર્યના પ્રસંગો જાણવા જેવા છે. જંગલમાં બેઠેલા જડભરતને લૂંટારા પોતાના સરદાર પાસે લઈ ગયા. સરદાર પહેલવાન જેવા જડભરતને જોઈ ખુશ થઈ ગયો. પછી માતાને પ્રસન્ન કરવા તેમનું બલિદાન આપવાની આજ્ઞા કરી. માતાની પ્રતિમા સામે જડભરતને બેસાડી તેમનું પૂજન કરવામાં આવ્યું. પછી તેમના પર તલવાર ચલાવવાની તૈયારી કરી. ધડથી મસ્તક અલગ થઈ જવાની તૈયારી હતી, એ જ વખતે મૂર્તિમાંથી ભવાની માતા પ્રગટ થયાં. તેમણે લૂંટારાઓનો નાશ કર્યો ને જડભરતની રક્ષા કરી.

શંકરાચાર્યની વાત જરા જુદી છે.

એકવાર એક કાપાલિકે આવી શંકરાચાર્યને કહ્યું : 'હું એક યજ્ઞ કરી રહ્યો છું. તેમાં એક બત્રીશ લક્ષણવાળા મહાપુરુષનું બલિદાન દેવાની જરૂર છે. તે વગર મારો યજ્ઞ સફળ થાય તેમ નથી. તમારા જેવા મહાપુરુષ બીજા કોણ મળે ? માટે તમારું મસ્તક મને આપી દો તો સારું.'

શંકરાચાર્યે કહ્યું : 'ભલે, કાલે સવારે હું ધ્યાનમાં બેસું તે વખતે મારું મસ્તક લઈ જજે.'

કાપાલિકને તો એથી ઘણો આનંદ થયો. એ તો ગમે તેમ કરી શંકરાચાર્યની હત્યા કરવા માગતો હતો. યજ્ઞની વાત કેવળ યુક્તિ હતી. યુક્તિ સફળ થઈ તેથી તેને આનંદ થયો.

બીજે દિવસે વહેલી સવારે તે શંકરાચાર્યના આશ્રમમાં આવી પહોંચ્યો. શંકરાચાર્યે તેને પોતાનું કામ એકાંતમાં કરી લેવાનું કહ્યું હતું; કેમકે તેમના શિષ્યો જાણી જાય તો તે તેને છોડે તેમ ન હતા. શંકરાચાર્ય પાસે આવી તેણે કમરમાં છુપાવેલું ખંજર કાઢ્યું ને પોતાનું કામ કરી લેવા તૈયાર થયો.

એ વખતે જ શંકરાચાર્યના શિષ્ય સુરેશ્વરાચાર્ય પોતાના ઈષ્ટદેવ નૃસિંહ ભગવાનનું ધ્યાન ધરી રહ્યા હતા, તેમને આ વાતની ખબર પડી એટલે તરત દોડી આવ્યા ને નૃસિંહ

ભગવાનની સ્તુતિ કરવા માંડ્યા.

એ બધા સંજોગોમાં કાપાલિકનું કામ થઈ શક્યું નહિ ને ઈશ્વરની કૃપાથી શંકરાચાર્ય જેવા સમર્થ પુરુષનું શરીર બચી ગયું.

ભગવાન પોતાના ભક્તોની રક્ષા કરવા આ પ્રમાણે સદા તત્પર રહે છે-છતાં આપણે એમની ભક્તિ કરતા નથી, એમનું શરણ લેતા નથી એ આશ્ચર્ય છે. ભગવાનનું શરણ લેવાથી આપણે નિર્ભય બની જઈએ ને ચિંતારહિત થઈએ. લાંબે વખતે એમનું દર્શન કરીને કૃતાર્થ પણ બની શકીએ છીએ. છતાં આવા સર્વ પ્રકારે કલ્યાણ કરનારા ભગવાનને ભૂલી આપણે રાતદિવસ સંસારમાં ફર્યા કરીએ ને દુઃખ-દરિદ્રતાના ભોગ બનીએ એ ખરેખર આશ્ચર્ય છે. માણસો બેડીથી બંધાયેલા છે. બેડીના બંધનમાંથી છૂટવાનો ઉપાય પણ તેમને બતાવવામાં આવે છે. તે ઉપાયને અજમાવવાથી કાયમને માટે સુખી થવાય છે, છતાં તે ઉપાય કરતા નથી અને મરણ સુધી બંધાયેલા જ રહે છે એ આશ્ચર્ય જ છે. સમજુ માણસોએ આ બંધન તોડવાનો ઉપાય અજમાવવો જોઈએ.

જુઓને પ્રભુની દયા કેવી અપાર છે ! બાળકના જન્મ પહેલાં જ માના શરીરમાં તેની દયાથી દૂધ પ્રકટ થાય છે. હાડકાં ને માંસની વચ્ચે થનારી આ દૂધની રચના કેટલી અજબ છે ? સંસારની કોઈ રચના સાથે એની સરખામણી થઈ શકે તેમ છે ? અથવા સંસારના કોઈ માનવીથી તેવી રચના થઈ શકે તેમ છે ? કોશેટામાં રહેનારા કીડાનો વિચાર તો કરો. તેને ખોરાક પૂરો પાડનારી શક્તિ કેટલી બધી શક્તિશાળી હશે ? કીડીને કણ ને હાથીને મણ આપનાર ઈશ્વર તેનું પણ પોષણ કરે છે. જલમાં ને વાયુમંડલમાં વસનારા હજારો જીવોને જીવન આપનાર પણ તે જ છે. છતાં માણસ એ વિરાટ શક્તિને ભૂલી જાય છે એ આશ્ચર્ય નથી ?

**—શ્રી યોગેશ્વરજી**



# ॥ ગૌતમી અને બુદ્ધ ॥

કપિલવસ્તુનો રાજમહેલ છોડ્યા પછી વનમાં લાગલગાટ સાડા છ વરસ તપ કરી સિદ્ધાર્થે શાંતિ મેળવી. સિદ્ધાર્થમાંથી બુદ્ધ બન્યા પછી એમણે લોકોને જ્ઞાન અને શાંતિ આપવાનું કામ શરૂ કર્યું એ એમનું પ્રખ્યાત ધર્મચક્રપ્રવર્તન.

એ દરમિયાન એ જુદી જુદી કોટિના અનેક લોકોના સંસર્ગમાં આવ્યા. રાજા ને રંક, અમીર ને ગરીબ, શિક્ષિત તથા અભણ બધી શ્રેણીના લોકો એમની પાસે, પોતાના દુઃખ-દર્દ દૂર કરવા ને શાંતિ મેળવવા આવવા માંડ્યા. એમાં સ્ત્રીઓ પણ હતી.

કિસા ગૌતમી એમાંની એક હતી.

ભગવાન બુદ્ધની ખ્યાતિ સાંભળી એ એમની પાસે આવી બોલી 'પ્રભુ ! હું બહુ દુઃખી છું. મારો એકનો એક યુવાન દીકરો મરણ પામ્યો છે. તમે સમર્થ છો, દયાળુ છો, પરોપકારી છો. લોકોના હિત માટે જ તમારું જીવન તથા પ્રવૃત્તિ છે. તો કૃપા કરી મારા પુત્રને જીવતો કરી મારું દુઃખ દૂર કરી મને શાંતિ આપો. હું તમારી ઋણી રહીશ.'

બુદ્ધે કહ્યું : 'તારી વાત ખરેખર કરુણાજનક છે. છતાં તું એક કામ કર. ગામમાં જઈને એક મૂઠી રાઈના દાણા લઈ આવ. પરંતુ એ દાણા એવે ઠેકાણેથી લાવજે, જેમાં આજ સુધી કોઈનું મરણ થયું ન હોય.'

કિસા ગૌતમીને શાંતિ વળી અને આનંદ થયો.

ગામમાં જઈ ઘેરઘેર ફરી, રાઈના દાણા લઈ આવીને

પોતાના પુત્રને સજીવન કરાવવાની એને આશા થઈ. એક ઘેર જઈ એણે પૂછ્યું : 'બેન, તમારે ત્યાં રાઈના દાણા છે ?'

'છે.' બેને જવાબ આપ્યો.

'એક મૂઠીભર આપશો ? મારે વધારે નથી જોઈતી. મૂઠીભર જ જોઈએ છે. ભગવાન બુદ્ધની પાસે લઈ જવાના છે.'

'મૂઠીભર શા માટે ? જેટલા જોઈએ એટલા લોને.' બેન દાણા લઈને બહાર આવી.

ગૌતમીએ દાણા લીધા અને હરખથી ચાલવા માંડ્યું. હવે એનો પુત્ર જરૂર જીવતો થશે, એવી શ્રદ્ધા એના દિલમાં જાગી ઊઠી.

પણ ત્યાં તો તેને કાંઈક યાદ આવતાં એ તરત પાછી આવીને બોલી : 'બેન ! એક વાત તો પૂછવાની રહી જ ગઈ. દાણા તો તમે આપ્યા, પણ તમારા ઘરમાં કોઈનું મરણ તો નથી થયું ને ?'

'મરણ ? મરણ તો આટલા બધા વખતમાં કોઈનું થયા વિના રહ્યું હશે ? હજુ ગયે વરસે જ મારી મોટી છોકરી મરણ પામી છે.'

'તો પછી મારે તમારા દાણા નહીં ચાલે.' ગૌતમીએ કહ્યું : 'બુદ્ધ ભગવાને દાણા તે ઘેરથી જ લાવવાના કહ્યા છે કે જેમાં કોઈનું મરણ ન થયું હોય. આજે કે કાલે, તાજેતરમાં કે થોડા વખત પહેલાં દરેક ઘરમાં કોઈને કોઈનું મરણ થયું જ હતું. આખા ગામમાં ફરી વળ્યા છતાં, મરણ વિનાનું કોઈ ઘર એને ન મળ્યું ત્યારે એ નિરાશ થઈ ભગવાન બુદ્ધ પાસે આવી. એ બોલી



ભગવાન ! આખા ગામમાં ફરી વળી, પણ મરણ વિનાનું કોઈ ઘર જ નથી દેખાતું.'

બુદ્ધે કહ્યું : 'બેન, મેં તને એટલા માટે જ મોકલી હતી. સંસારનો પ્રત્યક્ષ અનુભવ કરાવી તને ખાતરી કરાવવા કે દુનિયામાં જે જન્મે છે તે મરે છે, એ જ ક્રમ છે. એ ક્રમ બધે ચાલી રહ્યો છે, કોઈ અમર નથી. શરીરનો ત્યાગ કરી એક દિવસ સૌએ વિદાય થવાનું છે. તારો પુત્ર પણ એ જ રીતે વિદાય થયો છે. માટે તું એનો શોક કરવાનું છોડી દે. ધાર કે કોઈક ઉપાયથી એને જીવતો કરી દેવામાં આવે તો પણ, એક દિવસ તો એનું મરણ થવાનું; કારણ મરવું એ સંસારનો એક સ્વાભાવિક ક્રમ છે, માટે વધારે સારું તો એ છે કે મૃત્યુના શોકનો ત્યાગ કરીને તું સંસારની અસારતાને સમજી લે, એટલે મિથ્યા શોક દૂર થશે, અને તને શાંતિ વળશે. બીજો કોઈ જ માર્ગ નથી.'

ભગવાન બુદ્ધની વાણી સાંભળીને ગૌતમીનું દુઃખ દૂર થયું. એના અંતરમાં જ્ઞાનનો દીપક પ્રજ્વળી ઊઠ્યો. એ શાંત ચિત્તે ઘેર પાછી વળી.

આજે પણ એ વાણીમાં અનેકના મિથ્યા મોહને, શોકને દૂર કરવાની શક્તિ છે. બુદ્ધ અને ગૌતમીને થયે તો વરસો થયાં, પરંતુ એમની આ વાણી હજારો જીવોના જીવનમાં પ્રેરણા ને પ્રકાશ પાથરતી, અમર બનીને ઊભી રહી છે. માનવજાતિનો અમર વારસો છે.

**—શ્રી યોગેશ્વરજી**

# ॥ વિભીષણ અને રામ ॥

વિભીષણ રહેતો હતો લંકામાં, પણ એનું મન શ્રીરામના ચરણોમાં રમતું હતું. લંકા રાક્ષસોની નગરી હતી અને ત્યાંની પ્રજામાં તમોગુણ સિવાય બીજું કાંઈ ન હતું. છતાં એવા ઘોર તમોગુણ વચ્ચે પણ વિભીષણે પોતાના સત્ત્વગુણને સાચવી રાખ્યો હતો. લંકા જેવી નગરીમાં વિભીષણ જેવા ભક્તનો વાસ એક મોટું આશ્ચર્ય હતું. હનુમાનજી પહેલીવાર વિભીષણને મળ્યા ત્યારે એમણે એ આશ્ચર્ય વ્યક્ત કર્યું.

એવા વિભીષણને સીતાનું હરણ કેવી રીતે ગમે ? રાવણને એણે ઘણો સમજાવ્યો, સીતાને છોડી દેવા ને રામનું શરણું લેવા. પરંતુ રાવણ એકનો બે ન થયો. રાવણ પોતે પણ ક્યાં ઓછું સમજતો હતો ? એ તો પંડિત હતો. વિભીષણે રાજસભામાં એને સાચી સલાહ આપી. પણ એ સલાહ એને કડવી લાગી. એથી એ ભારે ક્રોધાયમાન થઈ ગયો. ક્રોધમાં એણે વિભીષણને લાત મારીને કહ્યું : 'મારું ખાઈને મને વગોવે છે ? મારે લીધે તો તારું જીવન ટકી રહ્યું છે ને તું મને જ સલાહ આપે છે ? તને શરમ નથી આવતી ? રામ પર તને આટલો બધો પ્રેમ હોય તો તું રામનું જ શરણ લે. મને હવે ભૂલેચૂકે ય તારું મોઢું ન બતાવતો.'

વિભીષણને એ શબ્દો બાણ જેવા વાગ્યા. સભામાંથી એ બહાર નીકળી ગયો. એણે નિશ્ચય કર્યો : 'હવે તો શ્રી રામનું જ શરણ લેવું. શ્રીરામની પાસે જવાથી જ શાંતિ મળશે' અને ચાલી નીકળ્યો.

રામચંદ્રજીના દર્શનથી એને અત્યંત આનંદ થયો. જન્મોજન્મના દરિદ્રીને જેમ પારસમણિ મળતાં એ બડભાગી બની જાય, તેમ ભગવાન શ્રીરામનાં દર્શનથી એ બડભાગી બની નાચી ઊઠ્યો. એનું હૃદય બોલી ઊઠ્યું : 'કુટુંબ તજી શરણ રામ તેરી આયો. તજી લંકા ગઢ લંકા મહલ ઔર મંદિર, નામ સુનત ઊઠી ધાયો; કુટુંબ તજી શરણ રામ તેરી આયો.'

શ્રીરામના ચરણમાં એણે મસ્તક મૂક્યું ત્યારે એને કેટલી બધી શાંતિ મળી ? એને સ્વર્ગસુખ મળ્યું. આંખમાં આંસુ ભરીને એ ભગવાન શ્રીરામ સામે જોઈ રહ્યો. રામચંદ્રજીએ સ્મિત કરીને



એના શરીર પર હાથ મૂક્યો. સામેના સાગરનું પાણી મંગાવ્યું ને વિભીષણને કપાળે તિલક કરી રહ્યું : 'તને આજે મેં લંકેશ કર્યો. લંકાનું રાજ્ય મેં તને અર્પણ કર્યું.'

રામની વાણી સાંભળી બધા ખડખડાટ હસી પડ્યા.

'પ્રભુ ! હજુ તો રાવણને જીતવાનો બાકી છે. લંકા પર તો હજુ રાવણનું રાજ્ય ચાલે છે અને તમે તો વિભીષણને લંકેશ કહો છો, તો તે લંકેશ કેવી રીતે બનશે ? રાવણનો નાશ નહીં થાય તો ? તો તમારાં વચન મિથ્યા નહીં થાય ?'

રામચંદ્રજીએ સ્મિત કરી કહ્યું : 'રાવણનો નાશ નહીં થાય તેવી શંકા કરવાની જરૂર નથી. એનો નાશ તો નક્કી છે. છતાં ધારો કે એનો નાશ ન થાય તો પણ, વનવાસ પૂરો થશે એટલે મને અયોધ્યાનું રાજ્ય મળવાનું છે ને ? એ રાજ્ય હું વિભીષણને આપી દઈશ-પરંતુ વિભીષણને રાજા જરૂર બનાવીશ. મારા સંકલ્પમાં કોઈ જાતનો ફેરફાર નહીં જ થાય.'

રામચંદ્રજીની ઉદારતા જોઈ બધાને આનંદ થયો. કેટલી ઉદારતા તથા શરણાગતવત્સલતા !

એ વાતને આજે વરસો વીતી ગયા છે. પરંતુ આજે પણ એની સ્મૃતિ કાયમ છે. માનવ-મનને એ આખોયે પ્રસંગ પ્રેરણા આપે છે : હે માનવ ! તું રાવણને છોડી રામનું શરણ લે. આસુરી સંપત્તિનો ત્યાગ કરી દૈવી સંપત્તિનો સ્વામી બન. અનીતિ, અધર્મ અને અનાચારનો ત્યાગ કરી જીવનને સદાચારની સૌરભથી મહેકતું કરી દે. અસત્યનો નહીં, પણ સત્યનો આધાર લે. દાનવનો નહીં, દેવતાનો સાથી બની જા. એમ કરવાથી તારું જીવન સુખી બની જશે, શાંતિમય થઈ જશે ને મંગલમય બની રહેશે. પરમાત્માનું શરણ, પરમાત્માની પ્રસન્નતા માટેનો પુરુષાર્થ, ને પરમાત્મા પ્રાપ્ત થતાં લંકા, અયોધ્યા કે કોઈ બહારનાં રાજ્યોનો નહીં, પણ તારી પોતાની અંદરના રાજ્યનો તું અધિષ્ઠાતા બની શકીશ ને જીવનને કૃતાર્થ કરીશ. રામાયણયુગનો એ સંદેશ આજે પણ એવો જ અજર અને અમર છે.

**–શ્રી યોગેશ્વરજી**

## ॥ કબીર અને રામનામ ॥

કબીરની એક વાત જાણીતી છે.

એકવાર તે બહાર ગયા હતા ત્યારે તેમને ત્યાં એક દુરાચારી માણસ આવ્યો. ઘરમાં સંત કબીરની સ્ત્રી હતી. તેણે તેને પૂછ્યું : 'તમારે કબીરનું શું કામ છે ? મને કહેવા જેવું હોય તો કહો.'

પેલા માણસે કહ્યું : 'હું ખૂબ પાપી છું. જિંદગીમાં પાપ કરતાં પાછું વળી જોયું નથી. મારે માટે કોઈ તરવાનો ઉપાય છે કે કેમ, તે જાણવા હું આવ્યો છું-કારણ કબીરસાહેબ પાપીને તારી દે છે એવું મેં સાંભળ્યું છે.'

કબીરની સ્ત્રીએ કહ્યું : 'એ ઉપાય તો હું પણ બતાવી શકું તેમ છું. ત્રણ વખત રામનામ લેજો એટલે બધાં પાપો બળી જશે.'

પેલો માણસ તો ખુશ થઈ ગયો. આનંદમાં આવી નાચતાં-નાચતાં તે જોરથી 'રામનામ' બોલવા માંડ્યો. રસ્તામાં તેને કબીરજી મળ્યા. તેને નાચતો જોઈ તેમણે તેની પાસેથી બધી વાત જાણી લીધી. પણ તેથી તેમને જરા ખેદ થયો.

ઘેર આવી તેમણે પોતાની સ્ત્રીને કહ્યું : 'તને હજી રામનામના મહિમાનો સાચો ખ્યાલ નથી એમ લાગે છે. નહિ તો પેલા માણસને તું ત્રણ વાર રામનામ લેવાનું ન કહેત. પ્રેમપૂર્વક લેવાયેલું એક જ વારનું રામનામ બધાં પાપો બાળી નાખે છે ને માણસ નવો અવતાર ધરે એટલું તે બળવાન છે.'

આ વાત સાચી હોય કે ખોટી, તેનો સાર એ છે કે સુધરવાની ઇચ્છા છે તે તો એક ઘડીમાં, અરે ઘડીના છઠ્ઠા ભાગમાં સુધરી શકે છે. જેને સુધરવું જ નથી, ને ખાલી વાતો જ કરવી છે, એ તો વરસો સુધી સુધરવાનાં સ્વપ્નાં સેવ્યા કરે, તો



પણ સુધરી નહિ શકે. ઉલટો વધારે બગડતો જશે. બીજી સાર વાત એ છે કે, પ્રભુના નામની શક્તિ અજબ છે. સાચા દિલથી એનો આધાર લો ને રાગપૂર્વક તેનું રટણ કરવા માંડો. એટલે તન ને મનમાં મેલ મટી જાય ને તમારો બેડો પાર થાય. ભલભલા પાપીઓ પણ પ્રભુના નામને પ્રેમ કરી એના પ્રેમી થઈ ગયા છે. તેમનાં જીવન બીજાને માટે ધડો લેવા જેવાં છે. તેમાંથી સૌને બોધપાઠ મળી શકે તેમ છે. માટે ગમે તેવા અપરાધ કર્યા હોય, કે ગમે તેટલાં કુકર્મ કર્યા હોય તો પણ હિંમત ન હારો, નિરાશ ના થાવ. તમારી જાતને કાયમ માટે પતિત ન સમજો. પાપને કાયમ માટે દફનાવી દેવાનો નિર્ણય કરો. કુકર્મ અને અપરાધને જીવનમાંથી ફેંકી દો, એ કામમાં પ્રભુની કૃપા માગો. એમાં સફળ થવા માટે સાચા દિલથી એની પ્રાર્થના કરો, પોકાર કરો. પ્રભુની મહાન મદદ મેળવી તમારા કામમાં તમે જરૂર સફળ થશો.

જે પાપી, કુકર્મી કે દુરાચારી છે, તેમને માટે પણ તમારા દિલમાં સ્થાન રાખજો. ચઢતી ને પડતી જીવનમાં આવ્યા જ કરે છે. પતન ઉત્થાન જીવનમાં ચાલ્યા જ કરે છે. જે આજે પતિત છે તે કાલે પવિત્ર નહિ થાય તેની શી ખાત્રી ? તે કયા કારણથી પતિત થાય છે તેની કોને ખબર છે ? બહુ જ સંભવ છે કે તેના દિલમાં સુધરવાની ઝંખના કાયમ હોય. માટે તેમને પણ તિરસ્કારવાની જરૂર નથી. તિરસ્કારવા કરતાં તેને સમજવાનો પ્રયાસ કરો ને બની શકે તો સુધરવાનો માર્ગ આપો. એ રીતે તેમની ઓછીવત્તી સેવા કરી શકાશે. બાકી તિરસ્કારથી તેમની કુસેવા જ કરશો, એના એકેય પ્રશ્નનો ઉકેલ નહિ લાવી શકો.

**—શ્રી યોગેશ્વરજી**

# ॥ હૃદયપલટો ॥

પંજાબના કરતારપુર ગામમાં જન્મેલા, શીખધર્મના સ્થાપક, ગુરુ નાનક ભારે પ્રતાપી પુરુષ હતા. તેમના અસંખ્ય અનુયાયી હતા. તેમણે ચારથી પાંચવાર ભારતની પરિક્રમા કરી હતી.

બાબર ભારતમાં આવ્યો ત્યારે તેણે એમનું નામ સાંભળ્યું. સંતો અને ફકીરોને મળવાનો એને શોખ હતો, એટલે એ ગુરુ નાનક પાસે ગયો અને આશીર્વાદની માગણી કરી.

ગુરુએ કહ્યું : 'હું તને શું આશીર્વાદ આપું ? ઈશ્વરે તારે માટે જે નક્કી કર્યું છે તે જ થવાનું છે. તું દિલ્હીની ગાદી પર બેસે એવી ઈશ્વરની ઇચ્છા છે.'

એ સાંભળી બાબરને આનંદ થયો. થોડા વખતમાં એ બાદશાહ બની દિલ્હીની ગાદીએ બેઠો ત્યારે એને ગુરુ નાનકની શક્તિની ખાતરી થઈ.

એ પછી નાનક દેશના પ્રવાસે નીકળ્યા. એ વખતના પ્રવાસો આજના કરતાં બહુ આકરા અને અગવડભરેલા હતા. યાતાયાતનાં આજના જેવાં સાધનોનો અભાવ હોવાથી, એ વખતના પ્રવાસો ભારે પરિશ્રમ માગી લેતા હતા. છતાં લોકસંપર્ક કેળવવા તથા ઈશ્વરની લીલાનું દર્શન કરવાની ઇચ્છાથી, મોટી ઉંમરે પણ, નાનક દેશમાં બધે ફરતા.

ફરતા ફરતા તે એક ગામમાં આવી પહોંચ્યા. ત્યાં પણ સાધુસંતો રહેતા. પોતાના ચમત્કારોથી એ લોકોમાં જાણીતા થયા હતા. લોકો પર એમનો ઘણો સારો પ્રભાવ હતો. લોકો એમની સેવા પણ સારી રીતે કરતા. નાનકદેવ ગામમાં આવેલા જાણી એમને ઈર્ષા થઈ. કદાચ લોકો શ્રદ્ધાભક્તિ ને સેવાભાવથી નાનક તરફ વળી જાય તો તેમની પ્રતિષ્ઠા અને એમનું માન ઘટી જાય, એટલે નાનકદેવને ગામમાંથી હાંકી કાઢવાનો વિચાર કર્યો.

પણ તેમને હાંકી કાઢવા કેવી રીતે ? લોકોનાં ટોળેટોળાં એમની આજુબાજુ એકઠાં થતાં અને એમનાં ભજનકીર્તન તથા ઉપદેશ સાંભળી મુગ્ધ બની જતાં, એ ભારે જ્ઞાની છે એવું લોકો



કહી બતાવતા. એવા મહાપુરુષને ગામમાંથી કાઢવા શી રીતે ? એમની સાથે કોઈ ખરાબ વર્તન તો કરાય નહીં. આખર એમણે એક યુક્તિ કરી.

એક શિષ્યને દૂધથી ભરેલો પ્યાલો આપ્યો ને સાધુઓએ કહ્યા પ્રમાણે કહ્યું. 'દૂધનો આ પ્યાલો જેમ ભરેલો છે, અને એમાં જરાય જગ્યા નથી. તે પ્રમાણે આ ગામ પણ આખું સાધુસંતોથી ભરેલું છે. એમાં તમારા જેવા સંત માટે જરા પણ અવકાશ નથી. માટે તમે કૃપા કરી અહીંથી વિદાય થઈ જાવ તે સારું છે.'

નાનકદેવ કાંઈ બોલ્યા નહીં. પરંતુ પોતાના શિષ્યને સૂચના આપી. દૂધના એ પ્યાલામાં થોડી સાકર નંખાવી, અને એની ઉપર એક તુલસીનું પાંદડું મુકાવી કહ્યું : 'તમારા સાધુસંતોને કહો : ગામ આખું સંતોથી ભરેલું છે, પરંતુ એ સંતોમાં મીઠાશ નથી. એ મોળા દૂધ જેવા છે, એમની વચ્ચે હું સાકરની જેમ રહીશ અને એમનામાં મીઠાશ લાવીશ.'

પેલો શિષ્ય તો દૂધનો પ્યાલો લઈ સાધુસમાજ પાસે પાછો આવ્યો ને બધી વાત કહી સંભળાવી, સાધુઓ આ સાંભળી સડક થઈ ગયા. નાનકદેવની નમ્રતા, સમયસૂચકતા અને વિવેકબુદ્ધિની અસર એમના પર ઘણી ભારે થઈ. એમનામાં કેટલાક સમજુ પણ હતા એમને નાનકની મહાનતાનો ખ્યાલ આવ્યો. એમને થયું કે નાનક કોઈ સાધારણ પુરુષ નથી અને એમની અવહેલના કરવામાં પોતે ભૂલ કરી છે.

પછી તો એ બધા નાનકદેવને મળવા ગયા. નાનકે કહ્યું : 'ભાઈઓ ! સાધુ શીલથી જ 'સાધુ' કહેવાય છે. સરળતા, નમ્રતા ને સેવાવૃત્તિ સાધુપુરુષની સદાની સહચરી છે અને ઈશ્વરપ્રેમ એનું ઘરેણું છે. એના હૃદયમાં સિંધુની પેઠે બધાને સ્થાન છે, તે જ સાધુ છે.'

સાધુઓએ તેમને ઘણો આગ્રહ કર્યો છતાં થોડા દિવસ પછી એ ગામ છોડી ચાલી નીકળ્યા. લોકસંપર્કની ભાવનાથી પરિભ્રમણ કરવામાં એમને અનેરો આનંદ આવતો હતો.

**—શ્રી યોગેશ્વરજી**

# ॥ પ્રભુ ધારે તે કરે ॥

મથુરબાબુને શ્રી રામકૃષ્ણ પરમહંસદેવ પર અનન્ય પ્રીતિ હતી. એમની સેવા કરવા એ ખડે પગે તૈયાર રહેતા. એમના પર એમને વિશ્વાસ પણ ઘણો હતો. દક્ષિણેશ્વરમાં જ્યારે જ્યારે આવતા હતા ત્યારે ત્યારે રામકૃષ્ણદેવની સાથે એ ધર્મ તથા ઈશ્વર વિશેની ચર્ચા કરતા અને શાંતિ મેળવતા. રામકૃષ્ણદેવને એ ગુરુભાવથી જોતા.

એક દિવસ રામકૃષ્ણદેવની સાથે વાર્તાલાપ કરી રહ્યા હતા ત્યારે રામકૃષ્ણદેવે કહ્યું : 'ઈશ્વર જે ધારે તે બધું જ કરી શકે છે. એને માટે અશક્ય કે મુશ્કેલ જેવું કંઈ જ નથી. જળને ઠેકાણે સ્થળ અને સ્થળને ઠેકાણે જળ કરવાનું એના હાથમાં છે.'

એ સાંભળી મથુરબાબુ બોલ્યા : 'હું નથી ધારતો કે ઈશ્વર જે ધારે તે બધું જ કરી શકતા હોય. ઈશ્વરની શક્તિ પણ મર્યાદિત છે. દાખલા તરીકે, આ સામેના બગીચામાં જે છોડ છે, તેના પર લાલ રંગનાં ફૂલ છે. ત્યાં શું ઈશ્વર ધારે તો પણ સફેદ રંગનાં ફૂલ કરી શકે ? કદાપિ નહિ. એ એના હાથ બહારની વાત છે.'

રામકૃષ્ણદેવે શાંતિથી કહ્યું : 'તમે એ વાતને ઈશ્વરના હાથ બહારની વાત ભલે માનતા હો; પરંતુ ખરેખર તેવું નથી. ઈશ્વર સર્વસમર્થ છે ને તેને સર્વસમર્થ એટલા માટે કહેવામાં આવે છે કે તે જે ધારે તે બધું જ કરી શકે છે. જ્યાં લાલ રંગનાં ફૂલ થતાં હોય ત્યાં ધોળા રંગનાં ફૂલ કરવાનું કાંઈ એને માટે અસંભવિત નથી.'



પરંતુ મથુરબાબુને ગળે એ વાત ન ઊતરી. એમણે ચર્ચા કરવાની ચાલુ જ રાખી.

બીજે દિવસે મથુરબાબુ દક્ષિણેશ્વરના ધામમાં આવ્યા, ત્યારે રામકૃષ્ણદેવે તેમને હસતાં હસતાં કહ્યું : 'તમે કહેતા'તા ને કે લાલ ફૂલના છોડ પર ઈશ્વર ધોળું ફૂલ ના ઉગાડી શકે ? પણ જુઓ, આ સામેની ડાળી પર લાલ ફૂલની સાથે ધોળું ફૂલ પણ ખીલેલું છે !'

'એ બની શકે જ નહીં.' મથુરબાબુ બોલી ઉઠ્યા.

'પણ જરા જુઓ તો ખરા.'

મથુરબાબુએ છોડની પાસે જઈને જોયું તો એમને ખરેખર આશ્ચર્ય થયું. છોડ પર લાલ ફૂલ તો હતાં જ, પણ એમની વચ્ચે એક ધોળું ફૂલ પણ ઊગેલું. એ તો દિઙ્મૂઢ બની ગયા. એમની બુદ્ધિ કાંઈ કામ ન કરી શકી.

રામકૃષ્ણદેવે પૂછ્યું : 'કેમ ? ઈશ્વર જે ધારે તે કરી શકે ને ?'

મથુરબાબુ શું બોલે ? બોલવા જેવું હતું જ શું ? એ રામકૃષ્ણદેવને પગે પડી ગયા.

**—શ્રી યોગેશ્વરજી**

"ભગવાન, અલ્લાહ કે માલિક જ આપણો એકમાત્ર રક્ષક છે, અન્ય કોઈ જ નહીં. એની કાર્યપદ્ધતિ અદ્‌ભુત છે, અમૂલ્ય છે, અગમ્ય છે. ફક્ત એનું જ ધાર્યું થવાનું છે. એ જ રસ્તો બતાવે છે અને આપણી સર્વ મનોકામનાઓ પૂર્ણ કરે છે."

**—શ્રી સાંઈબાબા**

# ॥ ભક્તોની જવાબદારી ॥

પોતાના ભક્તોની જવાબદારી ભગવાન કેવી રીતે ઉપાડી લે છે-જુદે જુદે વખતે જુદી જુદી લીલા કરે છે ને પોતાના ભક્તોની સંભાળ રાખે છે. મદદ માટે તે સદા તૈયાર રહે છે.

સ્વામી વિવેકાનંદના જીવનનો એક પ્રસંગ છે. પરદેશ જતાં પહેલાં તેમણે ભારતનો પ્રવાસ કર્યો હતો. એક વાર તે મધ્ય ભારતના કોઈ પ્રદેશમાં ફરી રહ્યા હતા. રેલમાં મુસાફરી કરીને છેવટે તે કોઈ સ્ટેશને ઊતર્યા. છેલ્લા ત્રણ દિવસથી ખાવાનું મળેલું નહીં, તેથી તેમનું શરીર અશક્ત થઈ ગયું હતું. બપોરનો વખત હતો. તાપ સખત હતો, એટલે સ્ટેશનની બહાર જઈ કોઈ ઝાડની છાયામાં કપડું પાથરી તે સૂઈ ગયા. ભૂખ તથા થાકને લીધે થોડીવારમાં ઘસઘસાટ ઊંઘ આવી ગઈ. જીવનનાં પાછલાં વરસોમાં વેદાંતકેસરી બનીને પરદેશમાં જેણે પુષ્કળ પ્રસિદ્ધિ મેળવી તે મહાન પુરુષની દશા તો જુઓ. કષ્ટને લીધે તે ઊંઘી રહ્યા છે !

થોડો વખત વીતી ગયો ત્યાં તો કોઈ માણસ સ્ટેશન પાસે આવી બધે જોવા માંડ્યો. તેના હાથમાં મોટો થાળ હતો. તેના પર કપડું ઢાકેલું હતું. બધે જોઈને છેવટે તે સ્વામીજી પાસે આવી પહોંચ્યો ને તેમને જગાડવા માંડ્યો. સ્વામીજી જાગી ઊઠ્યા. આ અજાણ્યા પુરુષને જોઈ તમને અચંબો થયો. તે પુરુષને પોતાની પાસે બેસાડીને બધી વાત પૂછી. પેલા પુરુષે પોતાનો થાળ સ્વામીજી આગળ ધર્યો ને તેમને ભોજન લેવા કહ્યું.



સ્વામીજીએ કહ્યું : 'ભાઈ, તમે ભૂલ્યા લાગો છો. હું તો તમને આળખતો પણ નથી. કોઈ બીજાને બદલે આ ભોજન તમે મને આપવા આવ્યા હો એમ લાગે છે.'

પેલા પુરુષે કહ્યું : 'ના, હું ભૂલ્યો નથી. આ ભોજન તમારા માટે જ છે માટે તમે આનંદથી આરોગો.'

છતાં સ્વામીજીની મૂંઝવણ ટળી નહીં એટલે પેલા પુરુષે પોતાની કહાણી શરૂ કરતાં કહેવા માંડ્યું : 'જુઓ, આજે બપોરે ભોજન કરીને મારી મીઠાઈની દુકાનમાં હું સૂતો હતો. થોડીવારમાં મને ઘસઘસાટ ઊંઘ આવી ગઈ. ઊંઘમાં એક મહાપુરુષે મને દર્શન આપ્યું ને આજ્ઞા કરી, મારો ભક્ત ત્રણ દિવસથી ભૂખ્યો છે, તે સ્ટેશન પાસે એક ઝાડની છાયામાં સૂઈ રહ્યો છે તેને માટે તું થોડી મીઠાઈ તથા તાજી પૂરી બનાવીને લઈ જા' સ્વપ્ન પૂરું થયું ને ઊંઘ ઊડી ગઈ, પણ સ્વપ્નના પ્રસંગમાં મને વિશ્વાસ આવ્યો નહીં. ઊંઘ કાચી હતી એટલે હું ફરી ઊંઘી ગયો. પણ ઊંઘમાં પાછો એનો એ પ્રસંગ ઊભો થયો ને તે મહાપુરુષે મને ભોજન તૈયાર કરીને અહીં લાવવાની સૂચના કરી.

ત્રીજીવાર પણ એ જ પ્રસંગ બન્યો. છેવટે સ્વપ્નની વાતને સાચી માની મેં ગરમ પૂરી-શાક બનાવ્યાં ને મીઠાઈનો થાળ તૈયાર કર્યો. સ્ટેશને આવી મેં આજુબાજુ બધે જોયું, પરંતુ તમારા વગર ઝાડ નીચે સૂતેલા કોઈ મહાત્મા દેખાયા નહીં, તેથી સ્વપ્નમાં જેમના વિષે કહેવામાં આવ્યું છે, તે પુરુષ તમે જ છો એમ માનીને હું તમારી પાસે આવ્યો છું. વખત ઘણો થઈ ગયો

છે ને તમે ભૂખ્યા છો, માટે આ ભોજન જમી લો.

વિવેકાનંદની આંખો ભીની થઈ ગઈ. ઈશ્વરની મહાન કરુણા ને પોતાના ગુરુની કૃપાનો તેમને ખ્યાલ આવ્યો. તેમણે લાગણીવશ સ્વરે કહ્યું : 'તે મહાપુરુષ કેવા હતા તે જરા કહી બતાવશો ?'

મીઠાઈવાળાએ સ્વપ્નમાં જોયેલા મહાપુરુષનું વર્ણન કરી બતાવ્યું. એ સાંભળી વિવેકાનંદે પોતાની પાસે પોતાના ગુરુ રામકૃષ્ણ પરમહંસનો ફોટો હતો તે કાઢી બતાવ્યો. મીઠાઈવાળો એ જોઈને આનંદમાં આવી ગયો, ને કહેવા માંડ્યો : 'આ મહાપુરુષ હા, આ મહાપુરુષે જ મને આજ્ઞા આપી હતી.'

લાગણીના ઉભરાને આંખ ને અંતરમાં દબાવી દઈ વિવેકાનંદજીએ તે પછી ભોજન શરૂ કર્યું. એમના આનંદનો પાર ન હતો.

આવા પ્રસંગો સાધારણ માણસના જીવનમાં પણ બને છે. ને તેથી તેના હૃદયમાં ઈશ્વર પ્રત્યેનો પ્રેમ ને વિશ્વાસ વધે છે. પોતાનું અનન્યભાવે સ્મરણ કરનાર ભક્તોની સંભાળ રાખવા ઈશ્વર સદા તૈયાર રહે છે. પોતાના પ્રેમી ભક્તોના જીવનની જરૂરતો પૂરી પાડવાનું તેમને વ્રત છે. આવા પ્રસંગો પરથી એ વાત સરસ રીતે સમજી શકાય છે.

**—શ્રી યોગેશ્વરજી**



# ॥ ઈસુનો પ્રભુપ્રેમ ॥

'હે પિતા, મારી નહિ, તમારી જ ઈચ્છા પૂર્ણ થાઓ ઈશ્વરની પવિત્ર ઈચ્છા પૂર્ણ કરવી એ માનવીનું મોટામાં મોટું સુખ છે.' એમ કહી ઈસુએ સ્વસ્થતાથી ટોળાને ઉદ્દેશી કહ્યું; 'મેં જો કંઈ ખોટું કર્યું હોય તો સાબિત કરો. પણ હું જો સાચું બોલ્યો હોઉં તો શા માટે મને મારો છો ?'

વડા પુરોહિત કાયફાએ ઈસુને કહ્યું; 'પરમેશ્વરના સોગંદ દઈને હું તને પૂછું છું કે, બોલ તું ખ્રિસ્ત છે ?' ઈશ્વરનો પુત્ર છે ? ત્યારે ઈસુ એટલું જ બોલ્યા : 'તમે સાચું કહ્યું છે.' વળી હું તમને કહી દઉં કે હવે પછી તમે-માનવપુત્રને સર્વશક્તિમાન ઈશ્વરને જમણે હાથે બેઠેલો અને આકાશનાં વાદળાં ઉપર આરૂઢ થઈને આવતો જોશો. (અર્થાત્ પોતાની નિર્બળતા-અપમાનની આ ઘડી વીતી ગયા પછી તેઓ ગૌરવપૂર્વક પિતાની બાજુમાં બિરાજેલા હશે.)

આ સાંભળી વડા પુરોહિતે કહ્યું 'ઈસુએ ઈશ્વરનિંદા કરી છે. હવે વધારે સાક્ષીની જરૂર ?' શું અભિપ્રાય છે તમારો ? ને લોકોએ કહ્યું; 'એ મૃત્યુદંડને પાત્ર છે.'

નિર્દોષને છોડી મૂકવાની કે સજા કરવાની સત્તા પોતાને છે એવો ગર્વ વ્યક્ત કરતા પિલાતને ઈસુએ કહ્યું; 'તમને ઈશ્વર તરફથી મળી છે એ સિવાયની સત્તા મારા ઉપર છે નહિ !' ત્યાં અવાજો આવ્યા; 'એને પૂરો કરો. એને ક્રૂસે ચઢાવો.' ઈસુના અપમાનની ઉજવણી કરી રહ્યું હોય એમ ટોળામાંથી અવાજ આવ્યો 'તું ઈશ્વરનો પુત્ર હોય તો તારી જાતને જ બચાવને ! ક્રૂસ ઉપરથી હેઠો ઊતરી બતાવ.'

ત્યારે ઈસુના અંતરના ઊંડાણમાંથી અવાજ આવ્યો; 'હે પિતા આ લોકોને માફ કર. પોતે શું કરી રહ્યા છે. એનું એમને ભાન નથી.'

આવી હૃદયદ્રાવક, ઉદાત્ત પ્રાર્થના કોઈ માનવદેહધારીએ કરી નથી. 'તમારા શત્રુઓને પ્રેમ કરો' આ ઉપદેશ ઈસુએ આચરી બતાવ્યો.

જેણે અનેકના જખમ મટાડ્યા એ જ માણસો આજે એના પવિત્ર શરીરને અસંખ્ય જખમોથી ભરી દે છે. તરસ અસહ્ય લાગતાં તેને ખાટો દ્રાક્ષાસવ મળે છે. છેલ્લે મોટેથી બૂમ પાડી ઊઠ્યા : 'હે પિતા, મારા પ્રાણ હું તારા હાથમાં સોંપું છું' અને ઈસુએ પ્રાણ છોડ્યા.

પણ છોડતાં પહેલાં શ્રદ્ધાપૂર્વક નિવેદન કર્યું; 'મેં જે કંઈ કર્યું તે તારી પવિત્ર ઈચ્છા પ્રમાણે કર્યું. તારી ઈચ્છા હતી કે મારે તબેલામાં જન્મવું. મારે સુથારને ત્યાં કામ કરવું, ત્રણ વરસ તારા જ્ઞાનનો પ્રચાર કરવો. ને આયુષ્યના અંતિમ દિવસે ભયંકરમાં ભયંકર કષ્ટ સહન કરવું.'

આમ ઈસુ મનુષ્ય પ્રત્યેના ઈશ્વરના પ્રેમની મહત્તા પ્રસ્થાપિત કરવા બલિદાન આપે છે. ઈશ્વરને જગત પ્રત્યે એટલો પ્રેમ હતો કે પોતાનો એકનો એક પુત્ર અર્પણ કર્યો. સંત ઝેવિયર ઈસુ માટે સરસ કહે છે :

'સ્વર્ગમાં જવા માટે નહિ, નરકથી બચવા માટે નહિ
હું તો તને ચાહું ને ચાહવાનો અને તારો રહેવાનો'

**–સૌજન્ય : અનુ. શ્રી રમણલાલ સોની**
**(ભગવાન ઈસુ)**



# ॥ મન્સૂર ॥

મન્સૂર 'અનહલક'નો જપ જપતા હતા. એનો અર્થ 'હું જ બ્રહ્મ છું.' લોકો તેને 'હું અલહક' અર્થાત્ તે ઈશ્વર છે એ જપ કરવા સમજાવતા હતા. મન્સૂર ઉત્તરમાં કહેતા : 'એનો જ મહાસાગર ચોતરફ ઊછળી રહ્યો છે. એમાં મારું પોતાનાપણું મળીને એકરસ થઈ ગયું છે. હું મન્સૂરપણું ભૂલીને પ્રભુપણું પ્રાપ્ત કરી ચૂક્યો છું.'

ખલીશે મન્સૂરને જેલમાં બંધ કર્યો, હુકમ કર્યો. જ્યાં સુધી અનહલક બોલતો રહે તેને લાકડીઓથી પીટવો અને પછી એનો વધ કરવામાં આવે. લાકડીના એક એક પ્રહાર સાથે મન્સૂરના મોંમાંથી 'અનહલક' શબ્દ નીકળતો રહ્યો.

છેવટે જલ્લાદો તેને શૂળી પર ચઢાવવા લઈ ગયા. મોતને પાસે જોઈ મન્સૂર વધારે ને વધારે જોરથી 'અનહલક' બોલવા લાગ્યો. એક ફકીરે એમની પાસે આવી પૂછ્યું; 'પ્રેમ કેવો હોય છે ?'

મન્સૂરે કહ્યું : 'એનું ઉદાહરણ અત્યારે જોજો. કાલે જોજો, પરમ દિવસે જોજો.' એનો અર્થ હતો : 'આજે હમણાં હું કત્લ થઈશ. કાલે દફનાવાઈશ. અને પરમ દિવસે મારું કોઈ ચિહ્ન નહિ રહે.'

શૂળીની પાસે લઈ જવાતાં તેણે શૂળીને સ્નેહથી ચુંબન કર્યું. પહેલાં તેના હાથ કાપી નખાયા, પછી પગ. પોતાના જ લોહીથી પોતાના હાથોને રંગીને તેણે કહ્યું; 'આ એક પ્રભુપ્રેમીની વજૂ છે.' જલ્લાદ જ્યારે તેની જીભ કાપવા ગયો ત્યારે તેણે કહ્યું; જરા થોભો. હું એક વાત કહેવા ચાહું છું. અને તે એ કે 'હે પરમેશ્વર, જેમણે મને પીડા પહોંચાડી છે એમને તું સુખથી વંચિત ના રાખીશ. એમના પર નારાજ ના થઈશ. એમણે મારી મંઝિલ ઓછી કરી નાખી છે. હમણાં તેઓ મારું શિર કાપી નાખશે તો હું શૂળી પરથી તારાં દર્શન કરવામાં સમર્થ થઈ શકીશ.'

પ્રાણ નીકળતાં પહેલાં મન્સૂરે કુરાનની બે આયતો કહી

હતી. એ ધરતી પર તેમનો એ અંતિમ સ્વર હતો :

૧. જેમની નિત્ય ઈશ્વર તરફ નજર છે. અને સંસારથી જે વિરક્ત છે તે જ ઋષિ છે.

૨. જે લોકોના અત્યાચારોથી વ્યથિત નથી થતા તે જ મહાપુરુષ છે.

**–સંકલન**

✽

## ॥ અબ્બુ-તરાબ ॥

અબ્બુ તરાબને રણમાંથી પસાર થતાં ૧૬-૧૭ દિવસ થવા આવ્યા પણ પાણી ક્યાંય મળ્યું નહીં. સત્તરમા દિવસે નહેરને કિનારે મૌન બેઠા. પોતાના સાથીને કહ્યું; 'જ્ઞાનનો વિજય થશે તો પાણી પી લઈશ ને જો અલ્લાહ પરની શ્રદ્ધાનો વિજય થશે તો પાણી પીધા વિના આગળ ચાલતો થઈશ.'

જ્ઞાન સમજ આપે છે : આ શરીર છે. શરીરને ભૂખ લાગે, તરસ લાગે. ભોજન-પાણીથી તે બુઝાવી શકાય. આ જ્ઞાન પર જ દુનિયા ચાલે છે.

અલ્લાહ પરનો વિશ્વાસ દરેક વ્યક્તિને પ્રાપ્ત થતો નથી. આ વિશ્વાસનાં ત્રણ સોપાનો હોય છે : પૂર્ણ વિશ્વાસ, આંખે દેખેલ વિશ્વાસ અને અટલ વિશ્વાસ.

૧. આ દુનિયા ઈશ્વરથી જ ચાલે છે.

૨. આલ્લાહનું નૂર બધે જ પ્રકાશિત છે.

૩. અલ્લાહની મરજીથી જ બધું થઈ રહ્યું છે-આમાં નિષ્ઠા ભળે ત્યારે અટલ વિશ્વાસ.

અલ્લાહના હુકમ વિના આગ જલતી નથી, જલાવી શકાતી નથી. એ બરાબર પણ જ્યારે 'આગ હાથમાં લઈએ છતાં પણ તે બાળે નહિ, બાળશે નહિ' તે અટલ વિશ્વાસ !

**–સંકલન**



## ॥ ૨૦૨૨ ન્યૂયોર્ક સિટી મેરેથોન ॥

સપના જરૂર સાકાર થાય છે. આપણે માત્ર વિશ્વાસ રાખી, પુરુષાર્થ કરતાં રહેવું પડે.

મારા જીવનની પ્રથમ મેરેથોન (૧૩.૧ માઈલ ૨૧.૧ કી.મી.) ૨૦૦૭માં દોડ્યો. ઑફિસના ૨-૩ મિત્રો સાથે "સ્ટાન્ડર્ડ ચાર્ટડ હાફ મેરેથોન" માટે નામ નોંધાવ્યું. મને દોડ વિષે કોઈ જાતનું જ્ઞાન ન હતું, અને એની માટે મેં કોઈ તૈયારી પણ કરી ન હતી. છતાં, એ રેસ મેં ૩ કલાક ને ૧૫ મિનિટમાં પૂરી કરી. એ દોડના અનુભવની મારી ઉપર એક અનેરી અને અમીટ છાપ પડી. એ રાત્રે મેં દોડવા વિશે વધુ રિસર્ચ કરી, અને જાણ્યું કે 'ન્યૂયોર્ક મેરેથોન' (૨૬.૨ માઈલ/૪૨.૨ કી.મી.) વિશ્વની સૌથી પ્રખ્યાત મેરેથોન છે ને બસ એ જ ઘડીએ એક દિવસ ન્યૂયોર્ક મેરેથોનમાં સામેલ થવાના મારા સ્વપ્ને પ્રથમ શ્વાસ લીધો.

છેવટે ૨૦૨૨માં નવેમ્બરની ૬ઠ્ઠી તારીખે, મારું એ સ્વપ્ન સાકાર થયું અને ન્યૂયોર્ક સીટી મેરેથોન (૨૬.૨ માઈલ) હું ૪ કલાક ૨૭ મિનિટમાં પૂર્ણ કરી શક્યો.

મેરેથોન અગાઉ મેં પૂ.'મા'ને પ્રાર્થના કરીને એમના શુભાશિષ યાચેલા. આપણા પૂ.'મા', એમના બાળકોની વહારે દોડવા સદા તત્પર ! એમણે મારા પર કૃપાશિષનો અનરાધાર ધોધ વહાવ્યો. આ રહ્યા એમના પ્રેરણાત્મક તથા શક્તિપ્રદાયક વચનામૃત.

- હે પ્રભુ ! આપણી દોડ છે, મારી નહીં...સમીતની દોડ નથી. લાજ બચાવવા માટે હે પ્રભુ સજ્જ થઈ જજો.

● લાજ જશે મારી, તો તું છે ગુનેગાર...હે પ્રભુ ! યાદ રાખજો, હું ઝંપલાવીશ. તું ઝીલી લેજે.

● 'સ્વર્ગારોહણ'નાં સર્વ દેવી દેવતાઓના આશીર્વાદ સાથે પ્રભુ દોડશે. સમીતને ઊંચકીને. પછી શાની ચિંતા ?

મેરેથોનના પ્રભાતના પ્રહરમાં પૂ.'મા'ના આશીર્વચનો અને મારા વતી કરેલી એમની પ્રાર્થનાએ મને આત્યંતિક જુસ્સો અને સાહસ આપ્યા.

જો કે એ પ્રભાતે 'start line' કે દોડ શરૂ થાય એ રેખા સુધી પહોંચવાની સફર સહેલી ન હતી. તે ઘણી બધી ધીરજ, લગન, ખંત અને ભોગ અથવા સમર્પણ માગી લે તેવી હતી. એને માટે તન અને મનની ટ્રેનિંગ ઓછામાં ઓછા ૪ મહિના પહેલાં શરૂ કરવી પડતી હોય છે. ન્યૂયોર્ક મેરેથોનની દોડ તો અઘરી છે જ, પણ એમાં ભાગ લેવા માટે યોગ્યતા મેળવવી પણ ઘણી કઠિન છે. એ ન્યૂયોર્ક મેરેથોનમાં ભાગ લેવા માટે બીજી અનેક નાનીમોટી રેસમાં ભાગ લેવો પડે છે, ને ઓછામાં ઓછા એક કાર્યક્રમમાં સ્વયંસેવક બનવું પડે છે. ૨૦૧૯નું લગભગ આખું વર્ષ મેં એ સઘળું પૂર્ણ કર્યું ને એટલે ૨૦૨૦માં દોડમાં ભાગ લેવા માટે મારી પસંદગી થઈ. પણ કોવિડના કેરને કારણે, ૨૦૨૦ની દોડ તો રદ્દ થઈ ગઈ, ને મને ૨૦૨૧માં ભાગ લેવા મળશે, એવું જણાવવામાં આવ્યું. આ મારા માટે ધીરજનો એક મોટો પાઠ હતો. જાણે પૂ.'મા' પ્રભુ મને કહી રહ્યા હતા, કે પુરુષાર્થ કર્યા કરો, લક્ષ તરફ ગતિ કરતા રહો, પણ એ પુરુષાર્થનું ફળ તમારા નિર્ધારિત સમયે ના પણ આવે. તો પણ આપણે હિંમત ન હારવી, પૂ.'મા' પ્રભુ એનું ખૂબ સુંદર પરિણામ યોગ્ય સમયે જ આપશે.



ઈશ્વરકૃપાથી ૨૦૨૧ની મેરેથોનનો કાર્યક્રમ તો ચાલુ રહ્યો, ને મારે પણ તેમાં સામેલ થવાનું હતું. નવેમ્બર ૭, ૨૦૨૧ની તારીખ પડી, મેં જુલાઈ ૨૦૨૧થી ટ્રેનિંગ શરૂ કરી દીધી. ૨૦૨૧ પૂ.પ્રભુના 'શતયોગવંદનમ્પર્વ' નિમિત્તે પૂ.'મા' એ સૌ વિદેશના અને ભારતના સત્સંગીઓને 'સ્વર્ગારોહણ' આવવાનું આમંત્રણ આપ્યું. મેરેથોનનું ખૂબ મહત્ત્વ હતું છતાં, કોવિડ પછી પૂ.'મા'નાં દર્શનનો આ પ્રથમ અવસર હતો. એટલે ક્ષણના પણ વિચાર વગર રક્ષિતાએ અને મેં 'સ્વર્ગારોહણ' જવાનું નક્કી કર્યું ને રેસમાં દોડવાનું ૨૦૨૨ પાર ઠેલી દીધું.

૨૦૨૧માં અમે સ્વર્ગારોહણ આવ્યા, ત્યારે પૂ.'મા'એ એવી ઈચ્છા પ્રકટ કરી કે સમીત પૂ.પ્રભુના સ્વરૂપથી માંડીને કુટિયા સુધી સ્વર્ગારોહણમાં દોડે, ને આવી 'સ્વર્ગારોહણ'ની ૧૦૮ પ્રદક્ષિણા પૂર્ણ કરે. પૂ.'મા'એ એને નામ આપ્યું, ''સ્વર્ગારોહણ મેરેથોન''.

અગત્યની નોંધપાત્ર વાત તો એ છે કે અમારામાંથી કોઈ એ પૂ.'મા'ને ન્યૂયોર્ક મેરેથોનમાં હું ભાગ લેવાનો હતો કે મેરેથોન થવાની છે, કે એની તારીખ આવી કોઈ વાત પૂ.'મા'ને કરી ન હતી. પણ આ તો આપણા અંતર્યામી 'મા' છે. એમણે 'સ્વર્ગારોહણ' મેરેથોનની તારીખ અને સમય રાખીને મને અચરજમાં મૂકી દીધો. એટલે પૂ.'મા'ની સર્વશ્રેષ્ઠ યોજના પ્રમાણે નવેમ્બર ૭, ૨૦૨૧ના રોજ, સવારે ૯.૦૦ વાગ્યે હું ન્યૂયોર્કમાં નહીં પણ પૂ.'મા'ની અમીદ્રષ્ટિની શીળી છાંયડીમાં 'સ્વર્ગારોહણ'ની ૧૦૮ પ્રદક્ષિણા કરી શક્યો. એ મારા જીવનનો, 'સ્વર્ગારોહણ'નો સૌથી યાદગાર દિવસ હતો.

છેવટે ૨૦૨૨માં ન્યૂયોર્ક મેરેથોનમાં દોડવાનો અવસર મને મળ્યો. આ વર્ષે પણ જુલાઈ ૨૦૨૨ થી મેં ટ્રેનિંગ શરૂ કરી દીધી.

તેમાં અઠવાડિયામાં ૩-૫ વાર શરીરને દોડવાની તાલીમ આપવાની છે, અઠવાડિયામાં ૧૨-૧૫ માઈલથી શરૂ થઈને, ક્રમશઃ વધતાં વધતાં અઠવાડિયાના ૩૫-૪૦ માઈલ દોડવાનું રહે છે. દર રવિવારે 'લાંબી દોડ' હોય છે. દર રવિવારે, ૬ માઈલથી શરૂ થઈને, ક્રમશઃ વધતાં વધતાં ૨૦-૨૧ માઈલ દોડવાનું રહે છે. ટ્રેનિંગમાં દોડ સાથે સાથે સ્નાયુઓની શક્તિ વધારવા અન્ય વિશેષ કસરતો પણ કરવાની રહે છે. પૌષ્ટિક ખોરાકનું પણ ધ્યાન રાખવું પડે છે. દોડ પહેલાં ૨ મહિના મેં મીઠાઈ, ખાંડ બંધ કરી હતી, એટલે કે દિવાળીની મીઠાઈઓ પણ નહીં !

લક્ષ્યપ્રાપ્તિ માટેની શિસ્ત, લગન, ખંત અને સમર્પણ માટે પૂ.'મા' એક સર્વોત્તમ આદર્શ, એક અનુકરણીય મિસાલ છે. તેમની કૃપાથી હું મારી ટ્રેનિંગ સરસ રીતે પાળી ને પૂર્ણ કરી શક્યો.

ટ્રેનિંગના દિવસો દરમિયાન સમયસંચાલન (TIME MANAGEMENT)નું પણ ધ્યાન રાખવાનું હતું. કારણ ઑફિસ સાથે ખૂબ દિવસ વ્યસ્ત જતો. આપણે જોયું છે. પૂ.'મા' અતિવ્યસ્ત હોય છતાં, પ્રભાતે સર્વ પ્રથમ તેમના પ્રણામ, વ્યાયામ અને પ્રાર્થના પૂર્ણ કરી લે છે. જ્યારે પૂજ્ય'મા' અતિ વ્યસ્ત હોય, કે યાત્રામાં હોય ત્યારે તો દિવસો અગાઉ પણ પોતાના નિયમો પૂર્ણ કરી લેતાં હોય છે. પૂ.'મા' થી પ્રેરિત થઈ, હું પણ સવારે ૫ વાગ્યે ઊઠી મારી, દોડ, કસરત, પ્રણામ સમાપ્ત કરીને જ ઑફિસ જતો. તેથી દિવસના નિયમ પૂર્ણ કરી લેવાના સંતોષ સાથે ઑફિસ જતો. તેથી આખો દિવસ એક ''પૉઝિટિવ એનર્જી'' રહેતી.

આખરે ૪ મહિનાની તૈયારીના અંતે હું શારીરિક અને



માનસિકરૂપે દોડવા માટે સજ્જ હતો. રેસની સુપ્રભાતે, મને તન-મન થી સ્વસ્થ રાખવા પૂ.પ્રભુને પ્રણામ કર્યા, ને આખી દોડમાં મારી સાથે જ રહેવા પ્રાર્થના કરી.

ન્યૂયોર્ક મેરેથોન સૌથી કઠિન તો છે જ પણ આ વર્ષે વાતાવરણ ખૂબ ગરમ હતું ને હવામાનમાં ભેજ પણ ખૂબ હતો (પરસેવો વધુ થાય એવો). દોડવાની દ્રષ્ટિએ અતિશય પ્રતિકૂળ વાતાવરણ કહેવાય. પૂ.'મા'ને યાદ કરી, મેં એને પ્રભુનો પ્રસાદ માની સ્વીકારવાનું નક્કી કર્યું. પૂર જોશ ને ઉત્સાહ સાથે ૯.૧૦ વાગ્યે સવારે મેં દોડ શરૂ કરી. મારી સાથે ૫૦,૦૦૦ થી વધારે દોડનારા હતા, ને રસ્તે દર્શકો પ્રોત્સાહિત કરતા રહ્યા.

૧૫મા માઈલે, મારી આગળના દોડવીરને મેં મૂર્છિત થતો જોયો ત્યારે મને થયું કે આ હું પણ હોઈ શકત. મેં ''ૐ મા રક્ષમામ્'ના જપ વધુ ઉત્કટતાથી કરવા લાગ્યા. મારી આસપાસ ધીરે ધીરે ઘણા દોડનારાઓ ઉપર ગરમીની અસર શરૂ થઈ, ને એમના પગ જકડાઈ જતા, તેઓ ઊભા રહી જતા, કે દોડવાના બદલે, ચાલવા લાગતા.

૮મા અને ૧૨મા માઈલ પર દોડતા મને અચાનક ''જય કૃપાળુ મા.'' ના ઉચ્ચારો સંભળાયા. મારા અચરજ વચ્ચે રક્ષિતા, મોક્ષ, અર્ચનભાઈ અને ધરાબેન મને પ્રોત્સાહિત કરવા આવ્યા હતા. હું એમને જોઈ ખૂબ ઉત્સાહિત થઈ ગયો. કારણ ગરમી ને થાક ભેગા થયેલા, એની અસર મને વર્તાઈ રહી હતી.

મેરેથોનમાં દર્શકોની તાળીઓ, પ્રોત્સાહનના શબ્દો, દોડનાર ને જાણે ઊંચકીને લક્ષ તરફ ધપાવે છે.

મારી ગણતરી પ્રમાણે, મારું લક્ષ્ય દોડને ૩ કલાક ને ૪૫

મિનિટમાં પૂર્ણ કરવાનું હતું. ૧૮ માઈલ સુધી તો હું નિર્ધારિત ગતિથી આગળ વધી રહ્યો હતો. ૧૮ માઈલ પછી મારા પગ ખૂબ ખરાબ રીતે જકડાવા લાગ્યા. ''ૐ મા રક્ષમામ્'' મનમાં સતત ચાલુ જ છે. મેં પૂજ્ય 'મા'ની મદદ માગી. પૂજ્ય'મા'ની કૃપાથી હું ઘડીક ધીમે ધીમે ચાલતો, ને ઘડીક ધીમું ધીમું દોડવા લાગ્યો. ખૂબ જ પગ ખેંચાય તો બે ઘડી ઊભો રહી જઉં.

૨૨મા માઈલે, પૂ.'મા' પ્રભુની હાજરી મને વર્તાઈ. મારા પગ ભયંકર વેદનાથી ખેંચાયા ને હું એક બાજુ ખસીને આવી ગયો. પગ થાંભલા થઈ ગયા, જકડાઈ ગયા. પગ ઊપડે જ નહીં. પૂ.'મા' પ્રભુને પ્રાર્થના ચાલુ જ હતી. તરત જ અચાનક, આજુબાજુના દર્શકોની ભીડમાંથી એક ભાઈ અને એક બહેન મારી તરફ દોડી આવ્યા અને મને પૂછ્યું, ''શું થયું ? તમે બરાબર છો ?'' મેં કહ્યું, ''મારા પગ જકડાઈ ગયા છે, એટલે હું અટકી ગયો છું.'' તે બંને, તરત મારા બંને પગ મસાજ કરવા લાગ્યા, પછી દોડીને ક્યાંકથી દુખાવાની ''આઈસી હૉટ જેલ' લઈ આવ્યા ને તે મારા પગે ચોપડી, મસાજ કરવા લાગ્યા. લગભગ મિનિટેક મસાજ કરતા કરતા તે કહેતા રહ્યા. ''તમે મજામાં જ છો, તમે કરી શકશો, બસ હવે પૂરું જ થવા આવ્યું છે.'' ત્યારબાદ હું એમને ધન્યવાદ આપી ફરી ધીમે ધીમે દોડવા માંડ્યો.

કોણ હતા આ બે ? કેમ મારા પગે મસાજ કરવા લાગ્યા ? એમની પાસે ''આઈસી હૉટ'' દવા ક્યાંથી આવી ? થોડા માઈલ પહેલાં જ, સ્વયંસેવકોના તંબુમાં મેં પૂછ્યું હતું જો એમની પાસે દુખાવાની કોઈ દવા હોય તો, પણ એ લોકો પાસે કોઈ દવા ના હતી. મારે મન તો આ બે પૂ.'મા' પ્રભુથી પ્રેરિત પાર્ષદો જ હતા, જે મારી વહારે. પૂ.'મા' ધાયેલા ! પ્રભુએ એમના બાળકની



તકલીફ જોઈને તરત જ જરૂરી વસ્તુ લઈ એમને મોકલી દીધા. ''પોકારો તો પડખે, સાદ કરો તો સામે,''નું વચન સિદ્ધ કરતાં પૂ.'મા' પ્રભુ એમની હાજરીની પ્રતીતિ ન્યૂયોર્કની માનવમેદનીમાં પણ કરાવી ગયા.

હવે મેં મેરેથોન ૩ કલાક ૪૫ મિનિટમાં પૂરી કરવાના લક્ષ્યમાંથી, માત્ર મેરેથોન પૂરી કરવાનું લક્ષ્ય રાખ્યું. ''ૐ મા રક્ષમામ'' ચાલુ જ હતું. મારી આંખો ઓળખીતી આકૃતિ શોધતી રહી, મારા કાન ''જય જય કૃપાળુ મા''ના શ્રવણને ઝંખી રહ્યા. હું ધીમો પડું કે ટોળામાંથી અજાણ્યા અવાજો બોલે : ''હિંમત રાખ, મંઝિલ ખૂબ નજીક છે.'' એ જુસ્સો વધારનારા બધા શબ્દોમાં મને ''જય જય કૃપાળુ મા'' સંભળાતું હતું. છેલ્લો ૧/૨ માઈલ બાકી હતો, ત્યારે ખરેખર મને ''જય જય કૃપાળુ મા''ના જય ઘોષ સંભળાયા, ને ભારતનો તિરંગો લહેરાતો દેખાયો. ત્યાં તો રક્ષિતા, અર્પિતા, મુકેશભાઈ, ઈન્દિરાબેન, અર્ચનભાઈ અને ધરાબેન પર નજર પડી. તેમના પ્રોત્સાહનથી મારાં ઉત્સાહ ને ઉમંગ ખૂબ વધી ગયાં. ત્યાંથી હું ભારતનો તિરંગો લઈ ગર્વથી દોડ્યો. "Finish Line" મેં ૪ કલાક ને ૨૭ મિનિટે પસાર કરી. આ ઘડીની કલ્પના મેં ૧૬ વર્ષથી કરી હતી, ને આજે એ સ્વપ્ન સાકાર થયું હતું. પૂ.'મા' પ્રભુની કૃપાથી આ દોડ સંપન્ન બની. ૨૯મા કિલોમીટરથી તે છેક ૪૨.૨ કિલોમીટર સુધી તેઓ જ મને ઊંચકીને દોડ્યાં છે.

પૂ.'મા'ને મેં કહ્યું હતું : ''હું ઝંપલાવીશ, તમે ઝીલી લેજો.'' તો ખરેખર એમણે ઝીલ્યો તો જ હું એમની શક્તિ અને ચારે કૉર વાતાવરણમાં વર્તાતી એમની હાજરીથી વિજયરેખા પાર કરી શક્યો.

**'સ્વર્ગારોહણ'**

"અલ્પ ગુણો ને ઘણા ગણો, સદા આપજો આશીર્વાદ," આ પંક્તિ પૂ.'મા' પ્રભુના શ્રીચરણે મારી સદાની પ્રાર્થના છે. હું મેરેથોન માટે પૂ.'મા'ને પ્રણામ કરવા અને તેમનાં દર્શન માટે 'સ્વર્ગારોહણ' પહોંચ્યો. આપણી નાનામાં નાની કાર્યસિદ્ધિને પૂ.'મા' ખૂબ ઉલ્લાસથી ઊજવે છે. ૧૩ નવેમ્બર, પૂ.'મા'ના પ્રાગટ્યદિનના અવસર પર પૂ.'મા'એ મારું બહુમાન કર્યું. મને ફૂલ, ભેટ, ટી-શર્ટ, ચૉકલેટની માળા પહેરાવી, શાલ ઓઢાડી, મૅડલ પહેરાવ્યો, ને સૌથી મોટી વાત, પૂ.'મા' એ મારા માટે એક તકતી તૈયાર કરાવેલી એ મને આપી.

જ્યારે આપણે પૂ.'મા'ની કૃપાવર્ષાથી ધરાઈ જઈએ, ત્યાં જ એમની પ્રેમની વાદળીનું આભ ફાટી પડે ! હજી તો એમની કરુણામાં ભીંજાઈ ને આપણે પરિતૃપ્ત થઈ ગયા એવું ભાન આવે તે પહેલાં તો અચાનક એમના પ્રેમનો સુનામી આપણી પર ફરી વળે ને આપણને ખેંચી જાય ! પૂ.'મા' એ 'સ્વર્ગારોહણ'માં જાહેરાત કરી કે પૂ.'મા' સ્વયં પૂ.પ્રભુના સ્વરૂપથી કુટિયા ને ત્યાંથી પાછા સ્વરૂપ સુધી દોડશે. ને પછી કહ્યું રક્ષિતા, સમીત પૂ.'મા'ની સાથે દોડશે ! મને મારા કાનપર વિશ્વાસ ના થયો. મારા અચરજનો પાર ના રહ્યો. જેની શક્તિથી હું મેરેથોન દોડું છું તે શક્તિ સાક્ષાત મને સાથે દોડવાનો અવસર આપી રહી છે ! જગ જનની 'મા', આપણને દર્શાવી રહી છે કે 'ઉંમર એક માત્ર આંકડો છે.'

મેં પૂજ્ય'મા'ને અરજ કરી કે, હે 'મા' ! ગાદીવાળા સ્લીપર કે બૂટ પહેરી લો પણ તેમણે તો ચરણારવિંદ ઉપરથી મોજાં પણ ઉતારી દીધા. ને ઉત્સાહથી સ્ટેજ પરથી ઊતરી ગયાં, કદાચ આ 'સ્વર્ગારોહણ'ના નવા ફર્શને તેમણે પોતાના ખુલ્લાં ચરણોનો



સ્પર્શ આપવાનું ધાર્યું લાગે છે. 'સ્વર્ગારોહણ'નું વાતાવરણ અવર્ણનીય બન્યું. સૌ સત્સંગીઓ સ્ટેજ પાસે ઊભા રહી, પૂ.'મા'ની આ દિવ્ય લીલાનાં દર્શન કરી રહ્યા. પૂ.'મા' એ પ્રભુના સ્વરૂપને પ્રણામ કર્યા, દિશાબેને માઈક લઈને લલકારવાનું શરૂ કર્યું. "કષ્ટો પડે ભલે ને, હિંમત ના હારનારા, અમે તો" સૌ હાથ જોડી ઝીલવા લાગ્યાં, પૂ.'મા' કુટિયા તરફ દોડવા લાગ્યાં. હું ને રક્ષિતા પાછળ જ દોડવા લાગ્યા. લાગણીઓનો મહાસાગર હૈયે એવા ઉછાળા લેવા લાગ્યો, કે વાણીને ભીંજવી મૌન કરી ગયો. ભગવાન શ્રીકૃષ્ણ ૮૦ વર્ષના હતા જ્યારે અર્જુનના રથના સારથિ બન્યા હતા. ને આજે પૂ.'મા' એમના ૮૦મા પ્રાગટ્યદિને મારી આગળ મારા જીવનના માર્ગદર્શક, સારથિ, દોડના 'પેસર' (pacer) બની મારી આગળ દોડી રહ્યા છે.

પ્રાર્થના કરતાં કરતાં હું દોડી રહ્યો, ત્યાં એક પ્રદક્ષિણા પૂર્ણ થઈ. મેં પૂ.'મા'ને કહ્યું 'મા', એક પ્રદક્ષિણા થઈ ગઈ. પણ પૂ.'મા' એ કંઈ લક્ષમાં ના લીધું. પૂ.'મા' દોડતાં જ રહ્યાં. એવું લાગ્યું કે જાણે પૂ.'મા' ધ્યાનમાં છે. બીજી પ્રદક્ષિણા પૂર્ણ થઈ, ત્યાં રક્ષિતાએ પૂ.'મા'ને જણાવ્યું પણ 'મા' ધ્યાનમગ્ન દોડતાં જ રહ્યા. અમે પાછળ દોડતાં રહ્યાં. અંતે ત્રણ પ્રદક્ષિણા બાદ પૂ.'મા' એ પ્રભુના સ્વરૂપને પ્રણામ કર્યા.

પૂ.'મા' એ ત્રણ પ્રદક્ષિણા કેમ કરી ? કોણ જાણી શકે ? પાછળથી પૂ.'મા' એ મને જણાવ્યું કે 'મા' જ્યારે દોડતા હતા ત્યારે એમને કંઈ સંભળાતું ન હતું, દિશાબેનની ધૂન, સંગીત, કંઈ જ નહિ. પૂ.'મા'ને આસપાસનો ખ્યાલ ન હતો. આજુબાજુ કોણ છે ? શું છે ? એમને ખ્યાલ ન હતો. મને પોતાને વ્યક્તિગત રીતે એવું કે લાગ્યું કે જાણે પૂ.'મા' એ અમને ત્રિલોકની યાત્રા

કરાવી, ને કહ્યું કે ત્રિલોકમાં આપણું સ્થાન માત્ર પૂ.'મા'નાં શ્રી ચરણોમાં જ છે.

વિશ્વભરમાં દર વર્ષે હજારો મેરેથોન થતી હશે, હું ઘણીમાં ભાગ લઈશ, પણ મારા જીવનની આ પૂ.'મા' સાથે દોડાયેલી, સર્વશ્રેષ્ઠ મેરેથોન છે અને હશે. આથી વધારે હું શું માગી શકું પૂ.'મા' પાસે ? મને ગમતી રમત માટે એમણે મને પ્રોત્સાહન આપ્યું, પ્રેરણા આપી, વ્યક્તિગત મદદ આપી અને આજે એ સ્વયં પોતે મારી ગમતી રમત મારી સાથે રમી રહ્યાં છે !

પૂ.'મા'ના પ્રાગટ્યદિન માટે હું તો ખાલી હાથે પહોંચેલો, પણ પૂ.'મા' એ મને જ ભરી દીધો. આશીર્વાદથી, ભેટથી, પ્રેમથી. Thank you Maa Prabhu for everything.

પૂ.'મા' આપનાં શ્રીચરણે એક જ પ્રાર્થના છે, કે આ જીવનની રેસમાં તમે મારા રાહબર બની સદા મારી આગળ આમ જ દોડજો.

પૂ.'મા' પ્રભુને કોટી કોટી પ્રણામ.

[મેરેથોન : લાંબી રેસ જેમાં ૪૨.૨ કિ.મી. અથવા તો ૨૬.૨ માઈલ દોડવાનું રહે છે, વિવિધ શહેરોમાં આવી મેરેથોન યોજાય છે. સં ૧૮૯૬ થી મેરેથોન ઓલમ્પિકમાં સામેલ એક માત્ર રમત છે. કહેવાય છે કે, દુનિયાના ૦.૦૫% લોકો દર વર્ષે મેરેથોનમાં ભાગ લે છે. વિશ્વની સૌથી પ્રખ્યાત અને પ્રતિષ્ઠિત મેરેથોન વિશ્વભરમાં ૬ શહેરોમાં થાય છે. ન્યૂયોર્ક, શિકાગો, બોસ્ટન, (યુ.એસ.એ.), ટોકિયો(જાપાન), બર્લિન(જર્મની) અને લંડન(ઈંગ્લેન્ડ)]

**—અનુ. ડૉ. અર્પિતા જોષી**



# ॥ સાંજનો શણગાર ॥

આ સાંજના સથવારે
હે ઈશ્વરા આજે તું યાદ આવી ગયો.
આ મોરના ટહુકામાં
તારી મધુરતા યાદ આવી ગઈ.
આ આભની વિવિધ ભાતોમાં
તારી કળા યાદ આવી ગઈ.
આ ગગનમાં ઊંચે ઉડતા પક્ષીઓમાં
તારી વિશાળતા યાદ આવી ગઈ.
આ મેઘધનુષના સાત રંગોમાં
તારા સૌંદર્યની યાદ આવી ગઈ.
આ તારી સાંજને શણગારવાની રીતને જોઈ
તારા પ્રેમની યાદ આવી ગઈ.

—શ્રી પુણ્યા ઉપાધ્યાય